**ATL**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name of The Post** | **Assistant Professor, Economics Method, in Government B.Ed. College, GES, Class-2** |
| **Advertisement No** | **47/2020-21** |
| **Preliminary Test Held On** | **10-08-2021** |
| **Que. No.** | **001-300** |
| **Publish Date** | **11-08-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **21-08 -2021** |

# Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. વ્યક્તિત્વ અંગેનો સર્વસંમત ખ્યાલ કયો છે ?

(A) વ્યક્તિત્વ અનુવંશ અને વાતાવરણની આંતરપ્રક્રિયાનો પરિપાક છે.

(B) વ્યક્તિગત ભિન્નતા દ્વારા વ્યક્તિત્વ સમજી શકાય છે.

(C) સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણથી વ્યક્તિત્વ ઘડાય છે.

(D) શારીરિક અને સાંવેગિક લક્ષણોનો સમન્વય એટલે વ્યક્તિત્વ.

002. આદિપ્રતિમાન (archetypes) નો ખ્યાલ કોણે રજૂ કર્યો છે ?

(A) એરિક્સન (B) યુંગ

(C) સ્ટર્નબર્ગ (D) રોજર્સ

003. ગિલ્ફોર્ડના બુદ્ધિના મોડેલ અનુસાર નીપજો કઈ છે ?

(A) સંબંધો, પરિવર્તનો, પ્રણાલિઓ (B) ફલિતાર્થો, મૂલ્યાંકનો, સ્મૃતિધારણ

(C) વર્ગો, સંકેતો, પ્રણાલિઓ (D) વર્તનો, મૂલ્યાંકનો, બોધ

004. નીચેના પૈકી કઈ માન્યતા હોવાર્ડ ગાર્ડનરની નથી ?

(A) બુદ્ધિ પ્રેરણાત્મક પરિબળોની નીપજ છે.

(B) બુદ્ધિને જીવાશાસ્ત્રીય આધારો છે.

(C) બુદ્ધિમાં સાંસ્કૃતિક રીતે મહત્ત્વ ધરાવતાં કૌશલોનો સમાવેશ થાય છે.

(D) વિકેન્દ્રિત ચિંતન દ્વારા વ્યક્તિની બુદ્ધિ સક્રિય થાય છે.

005. ઝ્યાં પિઆજેના સંદર્ભમાં – ‘પ્રથમ વખત જોવામાં આવેલી ષટ્કોણની આકૃતિને અધ્યેતા અગાઉ જોયેલા આકારો સાથે સરખાવે છે.’ – અધ્યયનની આ ક્રિયાને શું કહેવાય ?

(A) સંગઠન (B) રૂપાંતર

(C) પરિપાચન (D) જ્ઞાનાત્મક સંરચના

006. ‘દરેક અસીલમાં સ્વ-વાસ્તવિકરણની શક્તિ હોય છે.’ – કયા સલાહકાર આવી માન્યતા ધરાવે છે ?

(A) વિલિયમસન (B) અબ્રાહમ મેસ્લો

(C) કાર્લ રોજર્સ (D) આલ્બર્ટ એલિસ

007. કયું જોડકું સાચું છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન – હંમેશા વર્ધમાન

(B) પ્રયત્ન-ભૂલ અધ્યયન – ટેવનું નિર્માણ

(C) આંતરસૂઝ અધ્યયન – પ્રત્યક્ષીકરણમાં સ્થિરતા

(D) કારક અભિસંધાન – સજીવની સક્રિય પહેલ

008. કયું પરિબળ અપાનુકૂલનને પોષક નથી ?

(A) તણાવ-સહિષ્ણુતા (B) નિમ્ન સ્વ-સંકલ્પના

(C) ઉચ્ચતર મહત્ત્વાકાંક્ષા (D) અનિર્ણાયકતા

009. માર્ગદર્શન અને સલાહનો ભેદ-દર્શક મુદ્દો કયો છે ?

(A) પારસ્પરિક માહિતીની આપ-લે (B) લેનાર અને આપનાર વચ્ચેના સંબંધનું મહત્ત્વ

(C) કારકિર્દી અને આજીવિકા સાથેનો સંબંધ (D) અભિયોગ્યતા આધારિત પ્રક્રિયા

010. કઈ પદ્ધતિ આઈઝેન્કની દેન છે ?

(A) મનોઝંઝાવાત (B) ઘટક વિશ્લેષણ

(C) સાંયોગિક અભિપ્રેરણા (D) શબ્દ સાહચર્ય

011. સલાહના તર્કનિષ્ઠ અભિગમની મૂળ ધારણા કઈ છે ?

(A) સારી લાગતી ઘટનાઓ વિશેની આપણી વિચારણા તાર્કિક હોય છે.

(B) નકારાત્મક ઘટનાઓ અતાર્કિક વિચારણા સર્જે છે.

(C) વર્તનનું પરિણામ તાર્કિક વિચારણા છે.

(D) અતાર્કિક વિચારણાના કારણે નકારાત્મક લાગણીઓ સર્જાય છે.

012. ''શિક્ષણ એ ફિલસૂફીની ગત્યાત્મક બાજુ છે.'' આ વિધાનો સૌથી નજીકનો અર્થ કયો છે ?

(A) શિક્ષણ એક ગતિમાન ખ્યાલ છે, એમાંથી ફિલસૂફી નિષ્પન્ન થાય છે.

(B) શિક્ષણ અને ફિલસૂફી બંને મનુષ્યજીવનને ગતિશીલ બનાવે છે.

(C) ફિલસૂફીની બીજી બાજુ એટલે શિક્ષણ.

(D) ફિલસૂફીને વ્યવહારમાં મૂકવામાં આવે ત્યારે તે શિક્ષણ બને છે.

013. જ્ઞાન વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) જ્ઞાન અનાત્મલક્ષી છે – અસ્તિત્વવાદ

(B) જ્ઞાન આંતરક્રિયાત્મક છે – વાસ્તવવાદ

(C) જ્ઞાન અંતઃસ્ફુરણાત્મક છે – આદર્શવાદ

(D) જ્ઞાન શાશ્વત છે – વ્યવહારવાદ

014. સાંખ્યદર્શન અનુસાર કયું વિધાન યોગ્ય છે ?

(A) બાળવિકાસનું સર્વોચ્ચ શિખર બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ છે.

(B) બાળક મન દ્વારા નિર્ણય કરીને બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ કરે છે.

(C) ચિત્તવૃત્તિઓ સંયમિત કરવાથી મનની શક્તિઓ સક્રિય થાય - તે જ બુદ્ધિ અથવા મહત્‌

(D) વિવેકશક્તિ કેળવવા માટે શિક્ષણમાં પ્રકૃતિની મદદ લેવી જોઈએ.

015. અષ્ટાંગ યોગમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) પ્રતિક્રમણ

(B) ધારણા

(C) યમ

(D) પ્રત્યાહાર

016. નીતિ-શિક્ષણના માધ્યમ તરીકે ગિજુભાઈ શાની તરફેણ કરે છે ?

(A) બાળવાર્તાઓ તથા નાટિકાઓ

(B) માતાપિતા દ્વારા મળતું માર્ગદર્શન

(C) બાળકની સ્વયં-સ્ફુરણા

(D) કુદરત સાથે બાળકોનો સંસર્ગ

017. બંધારણીય મૂલ્ય તરીકે સમાજવાદી વિચારણા શાની સાથે નિસબત ધરાવે છે ?

(A) સંપત્તિના વિતરણ માટે સરકારની સક્રિય ભૂમિકા

(B) પર્યાપ્ત આજીવિકાનો અધિકાર

(C) આર્થિક વિકાસમાં સૌની સમાન ભાગીદારી

(D) સામાજિક ગતિશીલતા દ્વારા વિકાસની સમતા જાળવવી.

018. ''ભારતના આધ્યાત્મિક વારસાની સમજ ધરાવતી અને દેશની સાંસ્કૃતિક એકતાની કદર કરતી વ્યક્તિઓ તૈયાર કરવાનો હેતુ ઉચ્ચ શિક્ષણનો છે.'' – આ અપેક્ષા શામાં વ્યક્ત થયેલી છે ?

(A) કોઠારી કમિશન

(B) ભારતનું બંધારણ

(C) રાધાકૃષ્ણ કમિશન

(D) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986

019. જે. કૃષ્ણમૂર્તિના મંતવ્ય અનુસાર 'શિક્ષણમાં આદર્શોને કોઈ સ્થાન નથી.' તેઓ આ માટે કયું સ્પષ્ટીકરણ આપે છે ?

(A) આદર્શો વ્યક્તિગત તફાવતોને નકારે છે.

(B) આદર્શો ભૂતકાળલક્ષી હોય છે તેથી વર્તમાનની સમજને અવરોધે છે.

(C) આદર્શો વ્યક્તિને દંભી બનાવે છે.

(D) દરેક વ્યક્તિ સ્વયં બીજા માટે આદર્શરૂપ બનવાની આંતરિક શક્તિ ધરાવે છે.

020. 1986 ની શિક્ષણનીતિમાં પ્રોગ્રામ ઓફ એક્શન દ્વારા સૂચવાયેલા ફેરફારોના કારણે કયો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો ?

(A) શિક્ષક પસંદગી માટેની પરીક્ષાઓ
(B) નિરંતર શિક્ષણ
(C) એકેડેમિક સ્ટાફ કોલેજ
(D) મધ્યાહ્ન ભોજન યોજના

021. દયાનંદ સરસ્વતી કયા પ્રકારના શિક્ષણનો વિરોધ કરે છે ?

(A) સહશિક્ષણ
(B) સ્ત્રી શિક્ષણ
(C) બ્રહ્મચર્યનું શિક્ષણ
(D) વ્યાકરણ શિક્ષણ

022. તત્ત્વજ્ઞાનમાં સમાવિષ્ટ વિચારશાખાઓ દર્શાવતો વિકલ્પ કયો છે ?

(A) મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, શિક્ષણમીમાંસા
(B) શિક્ષણમીમાંસા, તત્ત્વમીમાંસા, જીવનમીમાંસા
(C) અધ્યયનમીમાંસા, મૂલ્યમીમાંસા, આચરણમીમાંસા
(D) સૌંદર્યમીમાંસા, મૂલ્યમીમાંસા, તત્ત્વમીમાંસા

023. ઈ.સ. 1916 માં પ્રકાશિત થયેલા 'Democracy and Education' નામના પુસ્તકના લેખક કોણ છે ?

(A) બર્ટ્રાન્ડ રસેલ
(B) જ્હોન ડ્યૂઈ
(C) ઝ્યાં પૉલ સાર્ત્ર
(D) શ્રી અરવિંદ

024. જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

(A) સંદેહાત્મક
(B) પ્રયોગાત્મક
(C) વિભાવનાત્મક
(D) તથ્યાત્મક

025. કઈ બાબત માહિતીને લાગુ પડતી નથી ?

(A) અસંદિગ્ધતા
(B) આત્મલક્ષિતા
(C) અર્થપૂર્ણ સંદેશ
(D) પ્રક્રિયા કરેલો પ્રદત્ત (ડેટા)

026. જ્ઞાનના નિર્માણમાં કયા કયા પરિબળોનો સમાવેશ થાય ?

(i) પરિસ્થિતિની પરખ
(ii) પુસ્તકોનું વાંચન
(iii) ઈન્ટરનેટ પરની માહિતી
(iv) અનુભવોની વહેંચણી
(v) આંતરસૂઝ
(vi) સફળતા-નિષ્ફળતા પર ચિંતન

(A) i, ii, iii
(B) i, iv, v
(C) ii, iii, vi
(D) iii, iv, v

027. અભ્યાસક્રમનું હાર્દ કયું છે ?

(A) અદ્યતન પાઠ્યક્રમ
(B) શિક્ષકના માર્ગદર્શન હેઠળ અધ્યેતાના અનુભવો
(C) ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો
(D) ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ

028. આઝાદીના લડવૈયાઓ પૈકી સુભાષચંદ્ર બોઝ વિશે વાત કરતી વેળા ઈતિહાસના શિક્ષક રંગમાં આવી જાય છે, ને ગર્વ અનુભવે છે. વિદ્યાર્થીઓ આ બાબતની નોંધ પણ લે છે. – આ ઘટના શાની સાથે સંકળાયેલી છે ?

(A) ગર્ભિત અભ્યાસક્રમ
(B) અનુભવકેન્દ્રી અભ્યાસક્રમ
(C) હેતુ-કેન્દ્રિત અભ્યાસક્રમ
(D) વિષયવસ્તુકેન્દ્રિત અભ્યાસક્રમ

029. જ્ઞાન-આધારિત અભ્યાસક્રમ રચનામાં કઈ બાબતની વિશેષ કાળજી લેવાવી જોઈએ ?

(A) વિવિધ વિદ્યાશાખા વચ્ચે થતું જ્ઞાન-સંક્રમણ
(B) તજ્જ્ઞો દ્વારા જ્ઞાનનું અસરકારક પ્રત્યાયન
(C) વિદ્યાશાખાની સીમા અંતર્ગત જ્ઞાન-નિર્માણ
(D) પ્રત્યેક વિદ્યાશાખાના જ્ઞાનની શુદ્ધતાની જાળવણી

030. અભ્યાસક્રમના અભિગમો વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) રાજનીતિવાદી : મહત્તમ વસતિજૂથોનો સમાવેશ

(B) તંત્ર-વહીવટી : લોકતાંત્રિક અનુભવો

(C) મનોવૈજ્ઞાનિક : અધ્યેતાનું મનોમાપન

(D) બૌદ્ધિક શૈક્ષણિક : તરેહો શોધવી, તારણો કાઢવાં

031. જે અભ્યાસક્રમમાં પ્રાકૃતિક વિજ્ઞાનો, અવલોકન તથા તર્કનિષ્ઠાને મહત્ત્વનું સ્થાન હોય તે અભ્યાસક્રમ કઈ તાત્ત્વિક વિચારધારાને અનુસરીને બનાવવામાં આવેલો હોય ?

(A) વ્યવહારવાદ
(B) પ્રકૃતિવાદ
(C) વાસ્તવવાદ
(D) પુનઃરચનાવાદ

032. અભ્યાસક્રમ રચનાના પ્રતિમાન વિશેની કઈ જોડી સાચી નથી ?

(A) ટાયલર : જરૂરિયાતોનું નિદાન
(B) સ્ટેક્સ : અવલોકિત વ્યવહારો
(C) સ્ટેક્સ : આનુભવિક આકસ્મિકતા
(D) મુખોપાધ્યાય : લક્ષ્ય, ધ્યેય, ઉદ્દેશો

033. માનવતાવાદી અભ્યાસક્રમ શાના પર વિશેષ ઝોક આપે છે ?

(A) માનવમાત્રનો બોધાત્મક વિકાસ
(B) સમાનુભૂતિ અને સુખ
(C) માનવ સંસાધન વિકાસ
(D) તંદુરસ્ત સામાજિક સ્પર્ધા

034. અસરકારક અધ્યાપન માટે સૌથી ઓછું જરૂરી શું છે ?

(A) અભ્યાસક્રમ પૂરો કરવાની આવડત
(B) વર્ગમાં શાંતિ
(C) વિષયાંતર
(D) વિષયવસ્તુની અદ્યતનતા

035. ‘‘વિદ્યાર્થીના અનુભવોનો ઉપયોગ કરો.’’ – ને શિક્ષણના કયા સૂત્ર (maxim) સાથે સંબંધ છે ?

(A) આગમનથી નિગમન તરફ
(B) સરળથી સંકુલ તરફ
(C) ભાવાત્મકથી બોધાત્મક તરફ
(D) જ્ઞાતથી અજ્ઞાત તરફ

036. મોરીસનના મત અનુસાર ‘સમજ’ એટલે શું ?

(A) ભવિષ્યના અધ્યયન માટેની અભિપ્રેરણા

(B) અન્વેષણ માટેનું અભિસ્થાપન

(C) એકમવસ્તુના સૌથી અગત્યના હિસ્સાનું સંગઠન

(D) સામાન્યીકરણનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની આંતરસૂજ

037. ફલેન્ડર સૂચિત વર્ગવ્યવહારના અમુક ઘટકોને ‘શિક્ષકની પરોક્ષ અસર’ની શ્રેણીમાં શા માટે મૂકવામાં આવે છે ?

(A) વિદ્યાર્થીની પહેલ તે શિક્ષકની પરોક્ષ અસરનો સૌથી મહત્ત્વનો પુરાવો છે.

(B) વિદ્યાર્થીના ઉત્તરનો સ્વીકાર થવાથી શિક્ષકનો પ્રભાવ તેમાં વ્યક્ત થાય છે.

(C) તેના દ્વારા વિદ્યાર્થીઓની સહભાગિતાને સમર્થન મળે છે.

(D) તે ઘટકો શિક્ષકની સમજમાંથી નિષ્પન્ન થતી અસર દર્શાવે છે.

038. અભિક્રમોની રચના મનોવિજ્ઞાનના કયા સિદ્ધાંતનો આધાર લે છે ?

(A) શાસ્ત્રીય ઉત્તેજક – પ્રતિચાર સિદ્ધાંત
(B) તત્પરતાનો સિદ્ધાંત
(C) કારક અભિસંધાનનો સિદ્ધાંત
(D) હકારાત્મક પ્રતિપોષણનો સિદ્ધાંત

039. કયા પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા ગુણનું સવિગત અન્વેષણ કરવામાં આવે છે ?

(A) નિદાન કસોટી
(B) સિદ્ધિ કસોટી
(C) પ્રક્ષેપણ કસોટી
(D) વિલંબિત કસોટી

040. કઈ શરત સહકારી અધ્યયનને લાગુ પડતી નથી ?

(A) જૂથના સભ્યો વચ્ચે સહકાલિક (simulteneous) આંતરવ્યવહાર

(B) પ્રત્યેક સહભાગીનું ઉત્તરદાયિત્વ

(C) સફળ અધ્યયનને અંતે દરેક સહભાગીને ગ્રેડ કે ગુણનું વળતર

(D) દરેક અધ્યેતાનું હકારાત્મક પરસ્પરાવલંબન

041. માપન એટલે ..........

(A) વસ્તુ કે ઘટનાનું માપન, તેના લક્ષણોનું નહીં.

(B) પ્રદત્ત (ડેટા)નું અંકશાસ્ત્રીય વર્ણન

(C) પરિણામોનું આંકડાકીય અર્થઘટન

(D) આપેલા નિયમોના આધારે ઘટનાઓને સમજાવવી

042. કઈ કસોટી રચનાત્મક (formative) મૂલ્યાંકન અંતર્ગત આવે ?

(A) ક્વિઝ

(B) મૂલક સંદર્ભ

(C) નિદાન

(D) શિક્ષક-રચિત

043. સંરચનાવાદી અભિગમના સંદર્ભમાં 'અધ્યેતા પોતાનાં ધ્યેયો અને પ્રવૃત્તિ નક્કી કરે' એ કયા પ્રકારનું અધ્યયન કહેવાય છે ?

(A) સ્વ સંકલ્પનાલક્ષી અધ્યયન

(B) સમાંતર અધ્યયન

(C) સક્રિય અધ્યયન

(D) પ્રમાણભૂત અધ્યયન

044. નીચેના પૈકી કયું પુખ્તાધ્યાયન શાસ્ત્ર (Andragogy) સાથે સંબંધિત છે ?

(A) ભવિષ્યલક્ષી અધ્યાપન

(B) સમસ્યા ઉકેલ માટેનું અધ્યાપન

(C) ગહન વિષમકેન્દ્રી અધ્યાપન

(D) આત્મ-સાક્ષાત્કાર માટેનું અધ્યાપન

045. રૂબ્રિકની સંરચનામાં શાનો સમાવેશ થાય છે ?

(A) ગ્રીડ (કોષ્ટક)નો

(B) રજૂઆતનો સ્તર દર્શાવતા વિશેષણોનો

(C) પ્રાપ્તાંકોનો

(D) વય-કક્ષા અનુસાર ગ્રેડનો

046. એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડેલની પોષક અસર કઈ છે ?

(A) પરિપૃચ્છા (inquiry)માં અભિરૂચિ થવી

(B) સંકલ્પનાના માળખાનું સર્જન થવું

(C) માહિતી અને ખ્યાલોનું અર્થપૂર્ણ પરિપાચન

(D) વિવેચનાત્મક વિચારણામાં પ્રવેશ કરવો

047. ''નૈસર્ગિક ઘટનાઓમાં પ્રવર્તતા સંબંધો અંગેની ઉત્કલ્પનાત્મક પૂર્વધારણાઓની ચકાસણી માટેનું વિવેચનાત્મક કાર્ય એટલે સંશોધન'' - કર્લિંજરની આ વ્યાખ્યામાં સંશોધનનું આગત (input) દર્શાવતો શબ્દ / શબ્દ સમૂહ કયો છે ?

(A) પ્રવર્તતા સંબંધો

(B) ઉત્કલ્પનાત્મક પૂર્વધારણા

(C) વિવેચનાત્મક કાર્ય

(D) ઉપરોક્ત તમામ

048. શૈક્ષણિક સંશોધનમાં નીચેના પૈકી કઈ બાબત અનિવાર્ય નથી ?

(A) શિક્ષણ વિદ્યાશાખાને બહેતર બનાવવાની આકાંક્ષા

(B) તર્કનિષ્ઠ વિશ્લેષણ

(C) હેતુલક્ષિતા

(D) પ્રતિનિધિરૂપ નૂમનો

049. શૈક્ષણિક સંશોધનના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કેસ-સ્ટડીમાં દ્વિપુચ્છ કસોટી વધુ અનુકૂળ રહે છે.

(B) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ શિક્ષણ વિદ્યાશાખા માટે અપ્રસ્તુત છે.

(C) ઉત્કલ્પના ન રચી હોય તો ચલની પસંદગી થઈ શકતી નથી.

(D) ગુણાત્મક સંશોધનમાં પણ ચલનો અભ્યાસ કરી શકાય છે.

050. નમૂનાનું કદ શાના પર આધાર રાખે છે ?

(A) ઉત્કલ્પનાનો પ્રકાર

(B) સંશોધનનો પ્રકાર

(C) સંશોધકની આવડત

(D) કઈ પદવી માટેનું સંશોધન છે તે

051. સક્રિય અધ્યયન કાર્યક્રમની સિદ્ધિ પ્રાપ્તાંકો પર થતી અસર તપાસવા માટેની સંશોધન યોજનાની લાક્ષણિકતા કઈ હોવી જોઈએ ?

(A) ઉપયોગિતા, આત્મલક્ષિતા, વિશ્વસનીયતા
(B) અનાત્મલક્ષિતા, યથાર્થતા, સામાન્યીકરણ-ક્ષમતા
(C) અદ્યતનતા, ઉપયોગિતા, વસ્તુલક્ષિતા
(D) અનન્યતા, આત્મલક્ષિતા, સામાન્યીકરણ-ક્ષમતા

052. નીચેના પૈકી કયો સિદ્ધાંત પ્રાયોગિક સંશોધન યોજનાનો સિદ્ધાંત નથી ?

(A) નિયંત્રણ
(B) પુનરાવર્તન (Replication)
(C) નિરપેક્ષતા
(D) યાદચ્છીકરણ

053. કઈ બાબત કસોટીની ગુણવત્તા દર્શાવતી નથી ?

(A) તાર્કિક સમાનતા પદ્ધતિ વિશ્વસનીયતા
(B) દ્વિભાજન (split half) વિશ્વસનીયતા
(C) એકાંતર (Alternative) યથાર્થતા
(D) પ્રત્યક્ષ (Face) યથાર્થતા

054. ગુણવત્તાયુક્ત સંશોધનના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ફાયદો કયો છે ?

(A) અન્યની મદદ લઈને ભરી શકાય છે.
(B) પ્રતિભાવકની ઓળખ ગુપ્ત રાખી શકાય છે.
(C) જેમને ખરેખર રસ હોય તેવા પ્રતિભાવકોના ઉત્તરો પ્રાપ્ત થાય છે.
(D) પાત્રોના પ્રતિભાવો નિશ્ચિતપણે મળી જાય છે.

055. પ્રાયોગિક સંશોધનમાં વધુ ચોકસાઈપૂર્ણ તારણો મેળવવા માટે જવાબદાર પરિબળ કયું છે ?

(A) મોટો નમૂનો
(B) વિશાળ વ્યાપવિશ્વ
(C) કમ્પ્યુટરના ઉપયોગ દ્વારા વિશ્લેષણ
(D) એક કરતાં વધારે પરતંત્ર ચલની પસંદગી

056. સંશોધનના પ્રકાર અને હેતુ દર્શાવતું કયું જોડકું સાચું છે ?

(A) ગુણાત્મક – તાત્કાલિક ઉકેલ પ્રાપ્તિ
(B) ક્રિયાત્મક – સમસ્યાની સાંપ્રતસ્થિતિનું વર્ણન
(C) વ્યાવહારિક – સિદ્ધાંતોની સ્થાપના
(D) મૂળગત – જ્ઞાનને ખાતર જ્ઞાન

057. સમાવેશી શિક્ષણ શું છે ?

(A) શિક્ષણનો મનોવૈજ્ઞાનિક અભિગમ
(B) બંધારણીય મૂલ્ય
(C) વંચિત બાળકોનો વિશેષાધિકાર
(D) માનવીય અધિકાર

058. સમાવેશી શિક્ષણની સફળતાના આધારો કયા છે ?

(A) દિવ્યાંગ બાળકો માટે કાળજી, વિશેષ શિષ્યવૃત્તિ, સરકારી સહાય
(B) તેજસ્વી શિક્ષકો, લાગણીપૂર્ણ વ્યવહાર, સામાજિક સહાય
(C) સંસાધનોનો ટેકો, બાળકની જરૂરિયાત અનુસાર અધ્યાપન, સમાન તક
(D) સમાન તક, સામાજિક ન્યાય, વિશિષ્ટ બાળકો માટે વિશેષ સુવિધાયુક્ત વર્ગખંડો

059. સમાવેશી શિક્ષણની વિભાવનાને સ્વીકારનાર સૌ પ્રથમ દેશ કયો છે ?

(A) કેનેડા
(B) ફિનલેન્ડ
(C) ગ્રેટ બ્રિટન
(D) અમેરિકા

060. સમાવેશી શિક્ષણની સંકલ્પના ઘટક કયા છે ?

(i) વિશિષ્ટ શાળાઓ
(ii) નિમ્નસિદ્ધિ વિદ્યાર્થીઓ પ્રતિ વિશેષ ધ્યાન
(iii) બાળકના આત્મગૌરવનો બિનશરતી સ્વીકાર
(iv) વિવિધતાને પ્રતિપોષણ આપતું વાતાવરણ
(v) વ્યક્તિલક્ષી પ્રતિભાવ પ્રણાલિ

(A) i, ii, iii
(B) iii, iv, v
(C) ii, iii, iv
(D) i, iv, v

061. કયું લક્ષણ મસ્તિષ્ક દોષ (Cerebral palsy) ધરાવતા બાળકનું નથી ?
(A) બોલવું અને શ્વાસ લેવાનું એકસાથે કરવું મુશ્કેલ
(B) ટેકા વગર નીચે નમી ન શકે
(C) અનિચ્છિત હલનચલન પર નિયંત્રણનો અભાવ
(D) ચાલવા માટે ટેકણઘોડીનો આધાર જરૂરી

062. દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકને કઈ મુશ્કેલી પડે ?
(A) અનુલેખન કરવામાં ભૂલ
(B) મોટેથી વાંચતી વખતે ક્યાં પહોંચ્યા તેનું વિસ્મરણ
(C) સિવણ કે ઝીણવટભર્યાં કામ કરવામાં મુશ્કેલી
(D) ઉપરોક્ત ત્રણેય

063. બહુ મોટેથી કે ખૂબ ધીમેથી બોલનાર વિદ્યાર્થી કઈ અક્ષમતા ધરાવે છે ?
(A) મંદબુધ્ધિ
(B) શ્રવણમંદતા
(C) દશ્ય અવરોધ
(D) ચેતાકીય અક્ષમતા

064. સમાવેશક શિક્ષણની અધ્યાપન વ્યુહરચનામાં શાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે ?
(i) ઇન્દ્રિયલક્ષી પ્રવૃત્તિ
(ii) વૈવિધ્યપૂર્ણ પ્રવચનો
(iii) પુનરાવર્તન
(iv) સહકારી અધ્યયન
(v) નાટક
(vi) ઓછું શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ
(A) i, iii, iv
(B) i, iv, v, vi
(C) ii, iii, v, vi
(D) iv, v, vi

065. શૈક્ષણિક ટેકનોલોજીની સંકલ્પના અનુસાર તેનું કયું લક્ષણ સાચું છે ?
(A) અધ્યયન-અધ્યાપન પ્રવિધિઓ એ ઈનપુટ છે.
(B) અધ્યયન સંજોગોનું નિર્માણ એ આઉટપુટ છે.
(C) અધ્યયન નીપજો એ પ્રક્રિયા છે.
(D) શિક્ષક એ પ્રણાલિ છે.

066. બ્લોગના ઉપયોગો કયા છે ?
(A) સહકારી અધ્યયન કરાવવા, પરીક્ષા લેવા, વિષયવસ્તુ મિડિયા સાથે જોડવા
(B) મલ્ટીમિડિયા પ્રેઝન્ટેશન કરવા, વિષયવસ્તુ અધ્યેતા સુધી પહોંચાડવા, સામગ્રીની સામૂહિક સમીક્ષા કરવા
(C) પોડકસ્ટિંગ, વોડકાસ્ટિંગ કરવા અને હોમવર્ક ચેક કરવા
(D) ઓનલાઈન પાઠ્યસામગ્રી બનાવવા, પેપરલેસ ક્લાસ ચલાવવા, આનુભવિક અધ્યયન કરવા

067. www.linkedin.com કયા પ્રકારની વેબસાઈટ છે ?
(A) માઈક્રોબ્લોગિંગ
(B) ચેટિંગ
(C) સોશિયલ નેટવર્કિંગ
(D) વેબ-સિન્ડિકેશન

068. નીચેના પૈકી કયું ઈ-લર્નિંગ ન કહેવાય ?
(A) મોબાઈલ લર્નિંગ
(B) અનુરૂપણ (simulation)
(C) પ્રોગ્રામ્ડ લર્નિંગ
(D) વર્ચ્યુઅલ લેબોરેટરી

069. ICT નું અનિવાર્ય કાર્ય કયું છે ?
(A) કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો.
(B) શૈક્ષણિક માહિતી એકત્ર કરવી
(C) દૂરવર્તી શિક્ષણનો ફેલાવો કરવો
(D) માહિતીનું વીજાણુ માધ્યમથી વ્યવસ્થાપન કરવું.

070. મલ્ટીમિડિયા અભિગમના પાયામાં કઈ વિચારણાનું મુખ્ય પ્રદાન છે ?
(A) મેસ્લોનો જરૂરિયાતનો શ્રેણીદર્શક ત્રિકોણ
(B) સ્કીનરનો કારક અભિસંધાનનો સિદ્ધાંત
(C) ડેલનો અનુભવ શંકુ
(D) વિગોસ્કીનો ZPD ચતુષ્કોણ

071. MOOCs શું છે ?

(A) સમૂહ માટે ખુલ્લા કરાયેલા ઓનલાઈન અભ્યાસક્રમ

(B) મોબાઈલ દ્વારા સંચાલિત ઓફલાઈન પ્રત્યાયન

(C) મેનેજમેન્ટ ઓફ ઓનલાઈન ક્લાસીસ

(D) મલ્ટીમિડિયા ઓનલાઈન ફ્રી કાઉન્સેલીંગ

072. ICT ના સંદર્ભમાં નીચેના પૈકી કઈ સમસ્યા સંશોધનક્ષમ ગણાય ?

(A) વ્યક્તિગત અનુદેશના ઓનલાઈન કાર્યક્રમની અસરકારકતા

(B) અભિક્રમિત અધ્યયન અને પરંપરાગત વર્ગ અધ્યયનની તુલના

(C) વિદ્યાર્થીના અશાબ્દિક પ્રત્યાયનની શિક્ષક પર થતી અસરો

(D) વર્ગ-પ્રત્યાયનના ઘટકોનું SPSS દ્વારા વિશ્લેષણ અને અર્થઘટન

073. અભ્યાસક્રમ વિકસાવવાની ક્ષમતા તથા આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનપ્રાપ્તિ શિક્ષક-પ્રશિક્ષણના કયા સ્તરના અભ્યાસક્રમમાં સમાવવામાં આવે છે.

(A) ડિપ્લોમા
(B) સ્નાતક
(C) અનુસ્નાતક
(D) ઉપરોક્ત ત્રણેય

074. શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ તરીકે આવેલા e-teacher education ના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે ?

(A) દૂરવર્તી શિક્ષણ પ્રણાલી
(B) બંધારણીય મૂલ્યોનું અધ્યાપન
(C) સંરચનાવાદી અધ્યયન અભિગમ
(D) શિક્ષણના પ્રતિમાનોનું અધ્યાપન

075. શિક્ષક પ્રશિક્ષણમાં વિકેન્દ્રીકરણ લાવનાર તથા અમલદારશાહી નાબૂદ કરનાર પરિબળ કયું છે ?

(A) ઉદારીકરણ
(B) વ્યાવસાયીકરણ
(C) વૈશ્વીકરણ
(D) રાષ્ટ્રીયકરણ

076. NAAC દ્વારા નિર્દેશિત શિક્ષક-પ્રશિક્ષણના ગુણવત્તા-દર્શકોમાં શાનો સમાવશે થતો નથી ?

(A) સંગઠન અને વ્યવસ્થાપન
(B) સંશોધન અને વિસ્તરણ
(C) અભ્યાસક્રમ સંરચના અને આયોજન
(D) સંસ્થાકીય પ્રતિષ્ઠા અને પ્રદાન

077. વિઝિટિંગ પ્રોફેસર સ્કીમ કઈ સંસ્થા દ્વારા પરિચાલિત થાય છે ?

(A) એન.સી.ઈ.ટી (NCET)
(B) આઈ.એ.એસ.ઈ. (IASE)
(C) યુ.જી.સી. (UGC)
(D) એચ.આર.ડી.સી. (HRDC)

078. સંશોધન અને અધ્યાપન માટે રાષ્ટ્રીય કક્ષાની ફેલોશીપ કઈ સંસ્થા આપે છે.

(A) યુ.જી.સી. (UGC)
(B) એન.સી.ઈ.આર.ટી. (NCERT)
(C) એસ.એસ.એ. (SSA)
(D) સી.ટી.ઈ. (CTE)

079. એન.સી.ઈ.આર.ટી. (NCERT) શિક્ષક-પ્રશિક્ષણને લગતું કયું કાર્ય સંભાળે છે ?

(A) સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષકોનું મૂલ્યાંકન કરવું.

(B) સ્નાતક કક્ષાના શિક્ષક-પ્રશિક્ષણના પુસ્તકોનું પ્રકાશન

(C) ડી.એલ.ઈડી. (D.L.Ed.) ના અભ્યાસક્રમોની રચના

(D) રિજીયોનલ કોલેજ ઓફ એજ્યુકેશન ચલાવવી

080. રાષ્ટ્રીય-શિક્ષણ નીતિ 2020 અનુસાર દસ વર્ષ બાદ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેની લઘુત્તમ લાયકાત કઈ હશે ?

(A) સંકલિત બી.એડ્. (B.Ed.) ની પદવી

(B) એલિમેન્ટરી એજ્યુકેશનના વૈકલ્પિક વિષય સાથે એમ.એડ્. (M.Ed.) ની પદવી

(C) કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી વત્તા ડી.એલ.ઈડી. (D.L.Ed.)

(D) જૂનું પી.ટી.સી. અને 10 વર્ષનો પ્રાથમિક શાળામાં અધ્યાપનનો અનુભવ

081. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કઈ ભલામણનો સમાવેશ થતો નથી ?

(A) ભારતીય ભાષાઓ તથા સંસ્કૃતિને મહત્ત્વ.

(B) ઓછામાં ઓછું ધો.-5 સુધીનું શિક્ષણ માતૃભાષા દ્વારા જ આપવામાં આવશે.

(C) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યશાળાઓ અને અધ્યયન અનુભવો.

(D) જીવન કૌશલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ.

082. NCFTE (2009) માં શિક્ષક પ્રશિક્ષક માટે કઈ અપેક્ષા દર્શાવી છે ?

(A) એ બધા જ્ઞાનનો સ્રોત બને

(B) એ હકારાત્મક અધ્યયન પર્યાવરણ રચે

(C) એ ભાવિ શિક્ષકોને આદર્શ નાગરિક બનાવે

(D) એ ભારતીય અધ્યાપન-પ્રવિધિઓમાં નિપુણ બને

083. ભારતમાં અધ્યાપનને પૂર્ણ વ્યવસાય તરીકે સ્થાપિત કરવામાં નડતરરૂપ પરિબળ કયું છે ?

(A) શિક્ષકની સ્વાયત્તતાનો અભાવ

(B) વ્યાવસાયિક આચારસંહિતાનો અભાવ

(C) શિક્ષકોના વ્યાવસાયિક સંઘના અસ્તિત્વનો અભાવ

(D) ઉપરોક્ત ત્રણેય

084. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક-પ્રશિક્ષક પાસેથી કઈ તજ્જ્ઞતાની અપેક્ષા રાખવામાં આવી છે ?

(i) ઓછામાં ઓછી ત્રણ ભાષાનું જ્ઞાન

(ii) ગ્રામ વિસ્તારમાં કામ કરવાની આવડત

(iii) ભારતીય મૂલ્યોની સમજ

(iv) અધ્યાપનની અદ્યતન પધ્ધતિઓમાં નિપુણતા

(v) બહુવિદ્યાશાખાકીય દૃષ્ટિકોણ

(vi) માનવવિદ્યાના વિષયમાં સર્ટિફિકેટ કે ડિપ્લોમા સ્તરનો અભ્યાસ

(A) ii, iii, v

(B) i, ii, iii

(C) iii, iv, v

(D) iv, v, vi

085. સંગઠનનું કયા પ્રકારનું નેતૃત્વ અપેક્ષા કરતાં પણ વધારે ઊંચું પરિણામ લાવી શકે છે ?

(A) વ્યવહારલક્ષી

(B) આપખુદશાહી

(C) રૂપાંતરકારી

(D) સાંસ્કૃતિક

086. નેતૃત્વ અસ્તિત્વમાં આવવા માટે શાની અનિવાર્યતા છે ?

(A) પ્રભાવશાળી વ્યક્તિત્વ

(B) લોકપ્રિયતા

(C) સમાજમાં પ્રદાન કરવાની ઝંખના

(D) ચોક્કસ ધ્યેય

087. 'લોકોને પોતાની અગત્ય છે અને પોતે અગત્યનું કામ કરી રહ્યા છે તે પ્રતિપાદિત કરવું તેઓને ગમે છે.' – આ સિધ્ધાંત વ્યવસ્થાપનમાં કયો અભિગમ સૂચવે છે ?

(A) માનવીય સંબંધ

(B) ટેયલરવાદ

(C) મનોગત્યાત્મક

(D) ગુણલક્ષણવાદી

088. કર્મચારીઓનું કયું લક્ષણ સંસ્થાકીય પરિવર્તન પ્રતિ મનોવૈજ્ઞાનિક અવરોધનો નિર્દેશ કરતું નથી ?

(A) સલામતીની જરૂરિયાત

(B) પરિવર્તન સહન કરવાની ઓછી શક્તિ

(C) જૂના મિત્રો જાળવી રાખવાની ઇચ્છા

(D) અજ્ઞાત સ્થિતિ ઊભી થવાની આશંકા

089. નેતૃત્વના કયા પ્રતિમાનમાં નેતાની નિસબતોને નવ બિંદુ પર અંકિત કરીને દર્શાવવામાં આવે છે ?

(A) ફાઈડલર

(B) સિક્સ સિગ્મા

(C) ત્રિપરિમાણીય

(D) બ્લેક એન્ડ માઉન્ટ

090. વ્યવસ્થાપન કાર્યક્ષેત્ર POSDCORB માં શાનો સમાવેશ થાય છે ?

(A) આયોજન, વિકાસ, પ્રત્યાયન, અહેવાલ

(B) અહેવાલ, સંયોજન, નિમણૂક, સંગઠન

(C) સહકાર, તૈયારી, પ્રત્યાયન, અંદાજપત્ર

(D) દોરવણી, કાર્યવહેંચણી, આયોજન, પ્રત્યાયન

091. શૈક્ષણિક સંસ્થામાં TQM ના અમલીકરણ માટે કયા વિભાગને કઈ જવાબદારી સોંપવામાં આવે છે ? નીચેના જોડકાંનો સાચો ક્રમ દર્શાવો.

| વિભાગ | જવાબદારી |
|---|---|
| (a) મેનેજમેન્ટ (સંચાલકો) | (i) વ્યક્તિગત સંભાવનાઓનું પોષણ |
| (b) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખું) | (ii) ICT અને સંસાધનોની પ્રાપ્યતા |
| (c) અધ્યાપન | (iii) કન્સલ્ટન્સી |
| (d) વિસ્તરણ | (iv) વિઝન-મિશનની નવરચના |

(A) a - iii, b - i, c - ii, d - iv
(B) a - iv, b - ii, c - i, d - iii
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - i, b - iii, c - iv, d - ii

092. ભારતીય ચિંતન અનુસાર 'સ્વ'ને ઓળખવો એટલે .....
(A) 'પોતે શુધ્ધ ચૈતન્ય છે' તેવું અનુભવવું
(B) પોતાના અંતઃકરણને સમજવું
(C) માન-અપમાનથી પર થવું
(D) પોતાનામાંના ત્રણેય ગુણનો પરિચય હોવો

093. આત્મસંયમ વિકસાવવા માટેની પ્રક્રિયામાં શાની જરૂર પડે ?
(A) અસ્તેય, અપરિગ્રહ, અહિંસા
(B) અનૃત, અહિંસા, પ્રાણાયામ
(C) બ્રહ્મચર્ય, પરિગ્રહ, પ્રાણાયામ
(D) પંચશીલ, ત્રિગુણ, નવધાભક્તિ

094. ભારતીય ચિંતન અનુસાર શિક્ષણનું અંતિમ ધ્યેય શું છે ?
(A) સન્યાસ
(B) આત્મબોધ
(C) પંચકોશનો વિકાસ
(D) ચિત્તમાં માનવતાનું સ્થાપન

095. માનસિક ચંચળતાનો નાશ કરી સ્થિરતા ધારણ કરવા માટે શાનું અનુપાલન કરવું જોઈએ ?
(A) નિયમ
(B) ધારણા
(C) યમ
(D) આસન

096. સત્ત્વગુણના લક્ષણો કયાં છે ?
(A) તેજસ્વિતા, પ્રવૃત્તિશીલતા, પ્રતિષ્ઠા
(B) સુખૈષણા, પૌરુષ, ધૈર્ય
(C) પ્રવૃત્તિશીલતા, પૌરુષ, શૌચ
(D) શૌચ, અસ્પૃહા, તેજસ્વિતા

097. સમાધિ અવસ્થામાં શાની પ્રાપ્તિ થાય છે ?
(A) એકાગ્રતા
(B) સંયમ
(C) પ્રજ્ઞા
(D) સંસ્કાર

098. મનોમય કોશનું કાર્ય શું છે ?
(A) સંકલ્પ કરવો
(B) સહજજ્ઞાનની પ્રાપ્તિ
(C) અન્નમય અને પ્રાણમય કોશનું સંકલન કરવું
(D) સંવેદનાઓનું નીરીક્ષણ કરવું

099. ''ભાષા દ્વારા સ્વ-વિકાસ થાય છે.'' આ બાબતનું સમર્થન કરતું સ્પષ્ટીકરણ કયું છે ?
(A) ભાષામાં સત્ય અને નાદનો સમન્વય છે.
(B) ભાષા દ્વારા સ્વની અભિવ્યક્તિ થાય છે.
(C) વિચાર કરવા માટે ભાષા અનિવાર્ય છે.
(D) ભાષા જન્મ પૂર્વેથી જ મનુષ્યના સંભવિત વ્યક્તિત્વ સાથે જોડાયેલી હોય છે.

100. સ્થિતપ્રજ્ઞ થવામાં કઈ બાબત અવરોધરૂપ બને છે ?
(A) મન સાથે જોડાયેલી ઈન્દ્રિયોનું અનુસરણ
(B) સુખમાં પણ અનાસક્તિ સેવવી
(C) કાચબાની જેમ વિષયોમાંથી અંગો સંકોરી લેવા
(D) સંવેદનશીલતા હીન બની જવું તે

101. માઈક્રોટીચીંગનું મહત્ત્વનું લક્ષણ નીચેનામાંથી કયું છે?

(A) એકમ નાનો, વિદ્યાર્થીઓ ઓછા, સમય 5 થી 7 મીનીટ

(B) એકમ મોટો, વિદ્યાર્થીઓ ઓછા, સમય 5 થી 7 મીનીટ

(C) એકમ નાનો, વિદ્યાર્થીઓ વધુ, સમય 5 થી 7 મીનીટ

(D) એકમ નાનો, વિદ્યાર્થીઓ ઓછા, સમય 15 થી 20 મીનીટ

102. માઈક્રોટીચીંગ કેવી પરિસ્થિતિમાં હાથ ધરાય છે?

(A) વાસ્તવિક (B) કુત્રિમ

(C) આભાસી (D) વિરોધાભાસી

103. માઈક્રોટીચીંગનો આરંભ સૌપ્રથમ કઈ યુનીવર્સીટીમાં થયો હતો?

(A) હાવર્ડ યુનિવર્સીટી (B) યેલ યુનિવર્સીટી

(C) કેમ્બ્રિજ યુનિવર્સીટી (D) સ્ટેનફોર્ડ યુનિવર્સીટી

104. વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા માટે નીચેના પૈકી કઈ પ્રયુક્તિ-પ્રવિધિ યોગ્ય છે?

1. આલેખ બતાવવો

2. પાઠનું નામ કા.પા. પર લખવું

3. ફિલ્મનો કોઈ અંશ બતાવવો

(A) 1 અને 2 બંને (B) 2 અને 3 બંને

(C) 1 અને 3 બંને (D) ઉપરના તમામ

105. નીચેના પૈકી સ્વરૂપની દૃષ્ટિએ પ્રશ્નોના પ્રકાર કયા છે?

1. પડઘા પ્રશ્નો

2. સુચક પ્રશ્નો

3. માર્ગસૂચક પ્રશ્નો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બને (D) ઉપરના તમામ

106. નીચેના પૈકી શિક્ષણની કઈ પદ્ધતિ એ શિક્ષક કેન્દ્રી પદ્ધતિ નથી?

(A) કથન પદ્ધતિ (B) સમસ્યા ઉકેલ પદ્ધતિ

(C) દાર્શનિક પદ્ધતિ (D) નિરીક્ષણ પદ્ધતિ

107. અર્થશાસ્ત્રના શિક્ષક વિષયાભિમુખ કૌશલ્યનો ઉપયોગ શા માટે કરશે?

(A) વિદ્યાર્થીને નવું જ્ઞાન મેળવવા માટે તત્પર બનાવવા (B) વિષયવસ્તુના વિકાસ માટે

(C) વિષયવસ્તુની સમજુતી આપવા માટે (D) વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે

108. નીચે પૈકી પાઠ આયોજનની મર્યાદા કઈ છે?

(A) શિક્ષણના દુર વર્તી હેતુઓ સિદ્ધ થતા નથી (B) વિદ્યાર્થી વિષયવસ્તુ સમજી શકતો નથી

(C) વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે એકાત્મકતા સાધતી નથી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

109. અર્થશાસ્ત્રના સ્વરૂપ અંગે નીચે પૈકી કયું વિધાન સત્ય છે?

(A) અર્થશાસ્ત્ર એ માત્ર વિજ્ઞાન છે. (B) અર્થશાસ્ત્ર એ માત્ર કલા છે.

(C) અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન અને કલા બંને છે. (D) અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન પણ નથી અને કલા પણ નથી.

110. નીચેના પૈકી કયો વિષય અર્થશાસ્ત્ર વિષય સાથે અનુબંધ ધરાવતો નથી?

(A) ભૂગોળ (B) આંકડાશાસ્ત્ર

(C) સમાજશાસ્ત્ર (D) સાહિત્ય

111. અર્થશાસ્ત્રના અન્ય વિષયો સાથેના અનુબંધના લીધે અર્થશાસ્ત્રના શિક્ષકે શું ધ્યાન રાખવું જોઈએ?

(A) અર્થશાસ્ત્રના તાસમાં અન્ય વિષયોનો અભ્યાસ કરાવવો

(B) અર્થશાસ્ત્રના તાસમાં અન્ય વિષયની ચર્ચા ના કરવી

(C) અર્થશાસ્ત્ર સાથે અનુબંધ ધરાવતા વિષયોના સંપર્કમાં રહેવું

(D) ઉપરના પૈકી કોઈ નહિ

112. નીચેના પૈકી અર્થશાસ્ત્ર શિક્ષણનો હેતુ કયો નથી?

(A) તર્ક શક્તિનો વિકાસ
(B) લેખન શક્તિનો વિકાસ
(C) વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ
(D) રાષ્ટ્રીય નીતિ ઘડતરની સમજ

113. "જ્ઞાનજ્યોત વિદ્યાવિહાર શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના અમુક વિદ્યાર્થીઓને કેન્ટીનનું સંચાલન સોંપવામાં આવેલ છે." અહીં શાળા દ્વારા વિદ્યાર્થીમાં કયો ગુણ ખીલવવાનો પ્રયત્ન કરવામાં આવે છે?

(A) આર્થિક કુશળતા મેળવવી
(B) જવાબદારીની ભાવના વિકસવી
(C) શિસ્તબદ્ધતા કેળવવી
(D) ઉપરના તમામ

114. અર્થશાસ્ત્રના શિક્ષણમાં નીચે પૈકી કયા હેતુઓ ઉપયોજનને લગતા છે?

1. વિદ્યાર્થી નકશાવાંચન અને તેનું અર્થઘટન કરે.

2. વિદ્યાર્થી પારિભાષિક શબ્દોનો પરિચય મેળવે.

3. વિદ્યાર્થી ભૂતકાલીન બનાવો પરથી વર્તમાન સમસ્યાઓનો ઉકેલ મેળવે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) માત્ર 3
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

115. નીચેના પૈકી કયું વિધાન અર્થશાસ્ત્રના નૈતિક મૂલ્ય સાથે સંકળાયેલ છે?

1. 19મી સદીમાં યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ ચરમ સીમાએ હતી.

2. 20મી સદીમાં ગાંધીજીએ શ્રમદાનને ખુબ મહત્વ આપેલું.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહિ

116. જોડકા જોડોઃ

| | |
|---|---|
| 1. અર્થશાસ્ત્રની કલ્યાણ સબંધી વ્યાખ્યા | a. એડમ સ્મિથ |
| 2. અર્થશાસ્ત્રની સીમિત સાધનલક્ષી વ્યાખ્યા | b. માર્શલ |
| 3. અર્થશાસ્ત્રની સંપતિલક્ષી વ્યાખ્યા | c. રોબીન્સ |

(A) 1 - a, 2 - b, 3 - c
(B) 1 - b, 2 - c, 3 - a
(C) 1 - c, 2 - a, 3 - b
(D) 1 - c, 2 - b, 3 - a

117. અર્થશાસ્ત્રના શિક્ષણથી વિદ્યાર્થીઓમાં કયા મૂલ્યોનો વિકાસ થઈ શકે છે?

(A) સામાજિક મૂલ્યો
(B) સાંસ્કૃતિક મૂલ્યો
(C) બોદ્ધિક મૂલ્યો
(D) ઉપરના તમામ

118. અર્થશાસ્ત્રના શિક્ષણ માટે કથન પદ્ધતિના લાભ નીચે પૈકી કયા છે?

(A) વિદ્યાર્થીઓ નિષ્ક્રિય રહે છે.

(B) શિક્ષકને પોતાની વિદ્વતા બતાવવાની તક રહે છે.

(C) વિદ્યાર્થીઓ લાંબો સમય એકાગ્ર રહી શકતા નથી.

(D) વિદ્યાર્થી પોતે ધ્યાન આપી રહ્યો છે તેવો ઢોંગ કરી શિક્ષકને છેતરી શકે છે.

119. કથન પદ્ધતિથી અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણ વખતે શિક્ષકે નીચે પૈકી શું કરવું જોઈએ?

(A) વિદ્યાર્થીઓને વિષયવસ્તુમાં ધ્યાન આપવાનો કડક નિર્દેશ આપવો જોઈએ.

(B) કથન સાથે યોગ્ય હાવભાવ અને અભિનય કરવો જોઈએ.

(C) વિષયને અનુરૂપ યોગ્ય કા.પા. કાર્ય કરવું જોઈએ.

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

120. નીચે પૈકી કઈ બાબત અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણમાં જૂથ ચર્ચા પદ્ધતિને લાગુ પડતી નથી?

1. દરેક જૂથના વિદ્યાર્થીઓ સમસ્યા ઉકેલના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરે.

2. જૂથના દરેક વિદ્યાર્થીઓ સમસ્યા ઉકેલ માટે આજુબાજુના વિસ્તારનો સંપર્ક કરે.

3. વર્ગના તમામ જૂથો એકી સાથે મળી પોતાની સમસ્યા અંગેનો અહેવાલ રજુ કરે.

(A) 1 અને 2 બંને　　(B) 2 અને 3 બંને

(C) માત્ર 1　　(D) માત્ર 2

121. નીચે પૈકી શિક્ષણની કઈ પદ્ધતિમાં વિદ્યાર્થીની અભિવ્યક્તિનો વિકાસ થાય છે?

(A) કથન પદ્ધતિ　　(B) જૂથ ચર્ચા પદ્ધતિ

(C) તુલનાત્મક પદ્ધતિ　　(D) આગમન-નીગમન પદ્ધતિ

122. પરસ્પર સમાન છતાં એકબીજાથી અલગ એવી બાબતોમાં ભિન્ન-ભિન્ન દ્રષ્ટિએ સામ્ય-ભેદ દર્શાવવા શિક્ષણની કઈ પદ્ધતિ વધુ યોગ્ય રહે છે?

(A) જૂથ ચર્ચા પદ્ધતિ　　(B) કથન પદ્ધતિ

(C) તુલનાત્મક પદ્ધતિ　　(D) સમસ્યા ઉકેલ પદ્ધતિ

123. નીચે પૈકી તુલનાત્મક પદ્ધતિના લાભ કયા છે?

(A) મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવાની ક્ષમતા વિદ્યાર્થીમાં વિકસે છે.

(B) આંતરસુજ દ્વારા અધ્યયનનો સિદ્ધાંત કાર્યાન્વિત કરી શકાય છે.

(C) બે ઘટના વચ્ચેનો સબંધ સ્થાપવો સરળ બને છે.

(D) ઉપરના તમામ

124. કુદરતી સંસાધનોમાં કયા બે ગુણધર્મ હોવા જોઈએ?

(A) જરૂરીયાત અને કાર્ય કરવાની યોગ્યતા　　(B) ઉપયોગીતા અને કાર્ય કરવાની યોગ્યતા

(C) ઉર્જાનો ઉપયોગ અને રક્ષણ　　(D) અછત અને ઉપયોગીતા

125. જંગલોમાંથી પ્રાપ્ત થતી વિવિધ ચીજો કયા પ્રકારનું સંસાધન કહેવાય છે?

(A) કાચા માલના સ્ત્રોતનું સાધન　　(B) પૂરક સંસાધન

(C) શક્તિ સંસાધન　　(D) ખોરાક તરીકેનું સંસાધન

126. વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રના પારિભાષિક શબ્દો, વ્યાખ્યાઓ, સામાન્યીકરણો, સત્યોનો પરિચય મેળવે તે અર્થશાસ્ત્રના અભ્યાસના કયા સામાન્ય હેતુ સાથે સંકળાયેલ છે?

(A) જ્ઞાન પ્રાપ્તિ　　(B) સમજ પ્રાપ્તિ

(C) જ્ઞાનનો ઉપયોગ　　(D) કૌશલ્યનો હેતુ

127. વાહનવ્યવહાર ખર્ચનો અભાવ કયા બજારનું લક્ષણ છે?

(A) પૂર્ણ હરીફાઈ　　(B) ઈજારો

(C) ઈજારાયુક્ત હરીફાઈ　　(D) અલ્પ હસ્તક ઈજારો

128. નીચે પૈકી શેનો સમાવેશ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસમાં થતો નથી?
(A) ફુગાવાનો
(B) રાષ્ટ્રીય આવકની ગણતરીનો
(C) પેઢીની સમતુલાનો
(D) વ્યાપાર ચક્રનો

129. કયા અર્થશાસ્ત્રીએ સમાજની પસંદગીઓ અને વહેચણીના મુદ્દાને અર્થશાસ્ત્રના અભ્યાસ ક્ષેત્રમાં મહત્વનું સ્થાન આપ્યું છે?
(A) કૌટિલ્ય
(B) સેમ્યુલ્સન
(C) માર્શલ
(D) એડમ સ્મિથ

130. સ્વતંત્ર ચલ એક અને આધારિત ચલ બે કે તેથી વધુ હોય તો નીચેનામાંથી કોના દ્વારા માહિતી સારી રીતે રજુ કરી શકાય?
(A) સ્તંભ-આલેખ
(B) પાસે પાસેના સ્તંભ આલેખ
(C) વૃત્તાંશ આકૃતિ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

131. નીચે દર્શાવેલ લક્ષણો પૈકી કયું સંપત્તિનું લક્ષણ નથી?
(A) ઉપયોગીતાનો ગુણ ધરાવે છે
(B) તે વિપુલતાનો ગુણ ધરાવે છે
(C) વિનિમયપાત્રતા ગુણ ધરાવે છે
(D) બાહ્યતાનો ગુણ ધરાવે છે

132. જાહેર વસ્તુ નીચે પૈકી કયું લક્ષણ ધરાવતી નથી?
(A) બિન સ્પર્ધાત્મકતા
(B) બિન વંચિતતા
(C) ફરજીયાત કિંમત ચુકવણી
(D) સામુહિક વપરાશ

133. નીચે પૈકી કયું આર્થીક પરિવર્તન વ્યાપારચક્ર તરીકે ઓળખાય છે?
(A) આકસ્મિક આર્થિક પરિવર્તન
(B) આયોજિત આર્થિક પરિવર્તન
(C) દીર્ઘકાલીન આર્થિક પરિવર્તન
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

134. વસ્તુના માલિકીપણા અને વપરાશના આધારે થતા વર્ગીકરણને શું કહે છે?
(A) ભૌતિક અને અભૌતિક
(B) સર્વ સુલભ અને આર્થિક
(C) ખાનગી અને જાહેર
(D) ટકાઉ અને નાશવંત

135. અર્થશાસ્ત્રમાં મૂલ્ય એટલે?
(A) ઉપયોગીતા મૂલ્ય
(B) વપરાશ મૂલ્ય
(C) વિનિમય મૂલ્ય
(D) આપેલ તમામ

136. ગીફનવસ્તુ એટલે કેવી વસ્તુ?
(A) સર્વ સુલભ વસ્તુ
(B) પ્રતિષ્ઠા મુલક વસ્તુ
(C) ભેટમાં મળેલી વસ્તુ
(D) હલકા પ્રકારની વસ્તુ

137. માંગની મૂલ્ય સાપેક્ષતાનો આંક 1 હોય તેને કેવી માંગ કહેવાય?
(A) એકમ મૂલ્ય સાપેક્ષ માંગ
(B) એકમ કરતા ઓછી મૂલ્ય સાપેક્ષ માંગ
(C) એકમ કરતા વધારે મૂલ્ય સાપેક્ષ માંગ
(D) મૂલ્ય સાપેક્ષ માંગ

138. માંગનું વિસ્તરણ માંગ રેખા પર કઈ તરફ જોવા મળે છે?
(A) ઉપર
(B) નીચે
(C) કોઈ નોંધપાત્ર પરિવર્તન નહિ
(D) જમણી તરફ બીજી માંગ રેખા પર

139. નીચે પૈકી કયુ નકારાત્મક આવક સાપેક્ષ માંગનું ઉદાહરણ છે?
(A) ગ્રાહકની આવક વધતા વસ્તુની માંગમાં વધારો થાય
(B) ગ્રાહકની આવક વધતા વસ્તુની માંગમાં ઘટાડો થાય
(C) ગ્રાહકની આવક વધતા વસ્તુની માંગમાં કોઈ ફેરફાર ન થાય
(D) ગ્રાહકની સ્થિર આવક રહે અને વસ્તુની માંગમાં ઘટાડો થાય

140. એક વસ્તુની કિંમતમાં વધારો થાય અને બીજી વસ્તુની માંગમાં વધારો થાય તેને કઈ અસર કહે છે?

(A) આવક અસર (B) અવેજી અસર

(C) માંગ અસર (D) સામી-સામી અસર

141. સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ ધરાવતી વસ્તુની માંગ રેખા કેવી હોય છે?

(A) ઋણ ઢાળવાળી (B) ઉભી ધરીને સમાંતર

(C) આડી ધરીને સમાંતર (D) ધન ઢાળ વાળી

142. કિંમત સિવાયના પરિબળો પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતા પરિવર્તનને શું કહેવાય છે?

(A) વધારો (B) સંકોચન

(C) સંકોચન-વિસ્તરણ (D) વધારો-ઘટાડો

143. પુરવઠામાં વધારો થતા પુરવઠા રેખા કઈ તરફ ખસે છે?

(A) જમણી તરફ (B) ડાબી તરફ

(C) સ્થિર રહે છે (D) નીચે તરફ

144. ઉત્પાદનના કયા સ્તરે સરેરાશખર્ચ લઘુત્તમ હોય છે?

(A) સીમાંત ખર્ચ < સરેરાશખર્ચ (B) સીમાંત ખર્ચ > સરેરાશખર્ચ

(C) સીમાંત ખર્ચ = સરેરાશખચ (D) સરેરાશ ખર્ચ = કુલ ખર્ચ

145. કયા ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ છે?

(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ

(C) સરેરાશ ખર્ચ (D) સીમાંત ખર્ચ

146. કયા બજારમાં પેઢીએ ઉત્પાદન વધારવા કિંમત ઘટાડવી પડતી નથી?

(A) ઈજારો (B) ઈજારાયુક્ત હરીફાઈ

(C) પૂર્ણ હરીફાઈ (D) અપૂર્ણ હરીફાઈ

147. લાંબાગાળે બધાજ ખર્ચ કેવા હોય છે?

(A) સ્થિર (B) અસ્થિર

(C) કાયમી (D) વધારે

148. કારખાનાના મકાનનું ભાડું એ કેવા પ્રકારનું ખર્ચ છે?

(A) સ્થિર (B) અસ્થિર

(C) સરેરાશ (D) સીમાંત

149. ડૉક્ટર દ્વારા ધનિક અને ગરીબ દર્દી પાસેથી લેવામાં આવતી જુદી જુદી ફી કેવા કિંમત ભેદભાવનું ઉદાહરણ છે?

(A) વ્યક્તિલક્ષી (B) વર્ગ લક્ષી

(C) સમય લક્ષી (D) સ્થળ લક્ષી

150. ભારત વિશ્વવ્યાપાર સંસ્થાનું સભ્ય ક્યારે બન્યું?

(A) 1988 (B) 1973

(C) 1995 (D) 1991

151. નીચે પૈકી કઈ અસર આર્થિક સુધારાની સાનુકુળ અસર નથી?

(A) હુંડીયામણમા વધારો (B) સાધનોની ગતિશીલતા વધવી

(C) વિદેશી દેવામાં ઘટાડો (D) આયાત ખર્ચમાં વધારો

152. **GDP માંથી શું બાદ કરવાથી NDP મળે છે?**

(A) ઘસારો | (B) વિદેશમાંથી મળેલી ચોખ્ખી આવક
(C) પરોક્ષ વેરો | (D) સબસીડી

153. ઉત્પાદન પધ્ધતિથી રાષ્ટ્રીય આવકની ગણતરીની વ્યાખ્યા કોણે આપી છે?

(A) ફિશર | (B)રોબીન્સ
(C)માર્શલ | (D) પીગું

154. અલિપ્ત અર્થતંત્રમા નીચે પૈકી કયું ક્ષેત્ર હોતું નથી?

(A) કુટુંબો | (B) પેઢીઓ
(C) ઉદ્યોગો | (D) વિદેશ વ્યાપાર

155. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કયા ખર્ચ ગણાતા નથી?

(A) ઉત્પાદન | (B) બદલાચુકવણી
(C) શ્રમિકોનું વેતન | (D) સંરક્ષણ ખર્ચ

156. નીચેનામાંથી કઈ રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધાતિ નથી?

(A) ઉત્પાદનની પદ્ધતિ | (B) આવકની પદ્ધતિ
(C) વેચાણની પદ્ધતિ | (D) ખર્ચની પદ્ધતિ

157. અર્થશાસ્ત્રનો શિક્ષક નાણાનો એકમ શીખવતી વખતે પ્રથમ નાણાની ઉત્ક્રાંતિ અંગે પ્રાથમિક સમજ આપે છે. આ સમયે શિક્ષક દ્વારા કઈ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ થયો કહેવાય?

(A) આધાર પદ્ધતિ | (B) તુલનાત્મક પદ્ધતિ
(C) સમસ્યા ઉકેલ પદ્ધતિ | (D) ક્ષેત્રકાર્ય પદ્ધતિ

158. પ્રોજેક્ટ પદ્ધતિનો સૌ પ્રથમ ખ્યાલ કયા શિક્ષકશાસ્ત્રીએ આપ્યો?

(A) સ્ટીવન્સ | (B) બેલાર્ડ
(C) જ્હોન ડ્યુઈ | (D) રાયબર્ન

159. પ્રોજેક્ટ પદ્ધતિના મુખ્ય સોપાનો કેટલા છે?

(A) 2 | (B) 4
(C) 6 | (D) 8

160. નીચેનામાંથી કોનો પ્રોજેક્ટ પદ્ધતિના મુખ્ય સોપાનોમાં સમાવેશ થતો નથી?

(A) પાઠ આયોજન | (B) અમલ
(C) યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ | (D) મૂલ્યાંકન

161. શિક્ષણની કઈ પદ્ધતિ સમય અને શક્તિનો પ્રમાણમાં વધુ વ્યય કરનારી છે?

(A) આધાર પદ્ધતિ | (B) આગમન-નીગમન પદ્ધતિ
(C) તુલનાત્મક પદ્ધતિ | (D) પ્રોજેક્ટ પદ્ધતિ

162. નીચે પૈકી શિક્ષણની કઈ પદ્ધતિ વિદ્યાર્થીઓની શિક્ષણમાં ભાગીદારી વધારે છે?

(A) કથન પદ્ધતિ | (B) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(C) આધાર પદ્ધતિ | (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

163. પ્રોજેક્ટ પદ્ધતિ અને સમસ્યા ઉકેલ પદ્ધતિમાં નીચે પૈકી શો તફાવત રહેલો છે?

1. પ્રોજેક્ટ પદ્ધતિમા કાર્ય પર વિશેષ ભાર મુકવામાં આવે છે જયારે સમસ્યા ઉકેલ પદ્ધતિમાં કાર્ય પર ભાર મુકવામાં આવતો નથી.

2. પ્રોજેક્ટ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ પરસ્પર વિચારોની આપ-લે કરે છે જયારે સમસ્યા ઉકેલ પદ્ધતિમાં તેઓ વિચારોની આપ-લે કરતા નથી.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

164. સમસ્યા ઉકેલ પદ્ધતિના મુખ્ય સોપાનો કેટલા છે?

(A) 3 (B) 4

(C) 5 (D) 6

165. અધ્યાપન-અધ્યયન દરમ્યાન કલાત્મક રીતે શિક્ષણ કાર્ય થાય તે માટેના કલા કૌશલ્યને શું કહે છે?

(A) પદ્ધતિ (B) પ્રયુક્તિ

(C) આયોજન (D) નિદર્શન

166. નીચેના પૈકી શેના પ્રયોગ દ્વારા શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાનાર શિક્ષણ પદ્ધતિ વધુ અસરકાર અને કાર્યક્ષમ બને છે?

(A) પાઠ આયોજન (B) એકમ આયોજન

(C) વિષયાભિમુખ (D) પ્રયુક્તિ

167. નીચેના પૈકી શિક્ષકલક્ષી પ્રયુક્તિ કઈ છે?

(A) પ્રશ્નો પૂછવા (B) ગૃહકાર્ય

(C) પુરક વાંચન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

168. પ્રશ્ન પ્રવીધી દ્વારા શિક્ષણ કાર્ય દરમ્યાન નીચેના પૈકી શું અયોગ્ય છે?

(A) પ્રશ્નો યોગ્ય ઝડપે પૂછવા

(B) પ્રશ્નો પૂછતી વખતે અગત્યના શબ્દો પર ભાર મુકવો

(C) પ્રશ્નો પૂછતી વખતે હાવભાવ સ્થિર રાખવા

(D) વર્ગના મોટાભાગના વિદ્યાર્થીને પ્રશ્નનો ઉતર આપવાની તક આપવી

169. શિક્ષણકાર્યમાં પ્રશ્ન પ્રયુક્તિના ઉપયોગ વખતે નીચે પૈકી કોણ તેમાં સહભાગી બને છે?

1. શિક્ષક 2. વિદ્યાર્થી 3. આચાર્ય

(A) 1 અને 2 બંને (B) 2 અને 3 બંને

(C) 1 અને 3 બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

170. "અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય દરમ્યાન વિદ્યાર્થીનો કંટાળો દુર કરવા શિક્ષક પ્રશ્ન પ્રયુક્તિ અંતર્ગત દરેક વિદ્યાર્થીના પરિવારના સદસ્યોના પ્રશ્નો પૂછી પરિચય મેળવવા લાગે છે." ઉપરોક્ત વિધાન પરત્વે આપનો પ્રતિભાવ આપો.

(A) સહમત (B) અસહમત

(C) તટસ્થ (D) પ્રતિભાવ આપવા માટે માહિતી અધૂરી છે

171. પ્રશ્નપ્રયુક્તિ અંતર્ગત પ્રશ્નોનું વર્ગીકરણ મુખત્વે કેટલી રીતે કરવામાં આવે છે?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

172. નીચેના પૈકી કયા પ્રકારના પ્રશ્નનો સમાવેશ હેતુની દૃષ્ટિએ પ્રશ્ન પ્રકારમાં કરી શકાય નહિ?

(A) વિચારપ્રેરક પ્રશ્નો (B) સુચક પ્રશ્નો

(C) દૃઢીકરણ પ્રશ્નો (D) સ્મૃતિ પ્રશ્નો

173. નીચેના પૈકી કયા પ્રકારના પ્રશ્નનો સમાવેશ સ્વરૂપની દૃષ્ટિએ પ્રશ્ન પ્રકારમાં કરી શકાય નહિ?

(A) ધ્યાન કેન્દ્રિત કરતા પ્રશ્નો
(B) પડઘા પ્રશ્નો
(C) સુચક પ્રશ્નો
(D) માર્ગ સુચક પ્રશ્નો

174. નીચેના પૈકી કયા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ પાઠ વિકાસની દૃષ્ટિએ પ્રશ્ન પ્રકારમાં કરી શકાય છે?

(A) જ્ઞાન ચકાસણી કરતા પ્રશ્નો
(B) પ્રેરક પ્રશ્નો
(C) અધ્યાપનાત્મક પ્રશ્નો
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

175. પાઠના વિષયમુદ્દાની સ્પષ્ટ સમજ માટે પાઠના નિરૂપણ દરમિયાન જે પ્રશ્નો પૂછાય છે તેને કયા પ્રકારના પ્રશ્નો કહે છે?

(A) દૃઢીકરણ પ્રશ્નો
(B) વિચારપ્રેરક પ્રશ્નો
(C) સુચક પ્રશ્નો
(D) અધ્યાપનાત્મક પ્રશ્નો

176. પાઠના અંતે વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન માટે અપાતા પ્રશ્નોને કેવા પ્રકારના પ્રશ્નો કહે છે?

(A) વિકાસ પ્રશ્નો
(B) પડઘા પ્રશ્નો
(C) સ્મૃતિ પ્રશ્નો
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

177. નીચેના પૈકી કઈ પ્રશ્ન પ્રયુક્તિની મર્યાદા નથી?

(A) શિક્ષક પક્ષે વધુ બોલવું પડતું નથી.
(B) પ્રશ્નનું બંધારણ યોગ્ય ન હોવાથી ધાર્યા ઉત્તરો મળતા નથી.
(C) શિક્ષક દ્વારા કથન યોગ્ય રીતે ન વણાય તો કંટાળો ઉભો થાય છે.
(D) શિક્ષક દ્વારા પ્રશ્ન કૌશલ્ય હસ્તગત થયું ન હોય તો આડેધડ પ્રશ્નો ગેરવ્યવસ્થા ઉભી કરે છે.

178. નીચેના પૈકી કયું ઉદાહરણનું મહત્ત્વનું લક્ષણ છે?

(A) સરળ હોવું
(B) સિદ્ધાંત સાથે સુસંગત હોવું
(C) રસપ્રદ હોવું
(D) ઉપરના તમામ

179. કઈ શિક્ષણ પદ્ધતિમાં શિક્ષક દ્વારા પ્રથમ ઉદાહરણ આપવામાં આવે છે અને ત્યારબાદ રજુ કરેલ ઉદાહરણ પરથી સિદ્ધાંત, નિયમ કે ખ્યાલ વિદ્યાર્થીના સહકારથી તારવવામાં આવે છે?

(A) આગમન પદ્ધતિ
(B) તુલનાત્મક પદ્ધતિ
(C) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(D) આધાર પદ્ધતિ

180. અર્થશાસ્ત્રનો શિક્ષક પ્રથમ કા. પા. પર 'માંગનો નિયમ' લખે છે અને ત્યારબાદ શિક્ષક દ્વારા વિવિધ ઉદાહરણોની મદદથી નિયમની સમજુતી આપવામાં આવે છે. અહી શિક્ષક દ્વારા શિક્ષણની કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે?

(A) આગમન પદ્ધતિ
(B) નીગમન પદ્ધતિ
(C) આધાર પદ્ધતિ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

181. અર્થશાસ્ત્રના અધ્યાપન દરમ્યાન શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓની સ્થાનિક ખેતરોની મુલાકાત લઈ પાક, જમીનના પ્રકાર, સિંચાઇ વગેરેનો અભ્યાસ કરાવવામાં આવે છે. અહીં શિક્ષક દ્વારા શિક્ષણની કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ
(B) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(C) ક્ષેત્ર કાર્ય
(D) આગમન-નીગમન પદ્ધતિ

182. ક્ષેત્રકાર્ય પૂર્ણ થયા બાદ તેના તારણ, પરિણામ અને મૂલ્યાંકન માટે કઈ પદ્ધતિ યોજવી જરૂરી છે?

(A) કથન પદ્ધતિ
(B) સમસ્યા ઉકેલ પદ્ધતિ
(C) પ્રોજેક્ટ પદ્ધતિ
(D) જૂથ ચર્ચા પદ્ધતિ

183. પાઠ આયોજન માટે નીચેના પૈકી શું યોગ્ય નથી?

(A) સામાન્ય અને વિશિષ્ટ હેતુઓને અનુલક્ષી આયોજન કરવામાં આવે.

(B) વિદ્યાર્થીઓમાં ઘણા કૌશલ્યો એકી સાથે ખીલે તે પ્રકારે આયોજન કરવામાં આવે.

(C) વિષયવસ્તુની પસંદગી નિર્ધારીત ઉદેશોને અનુલક્ષીને કરવામાં આવે.

(D) પાઠને અંતે મૂલ્યાંકન કરવામાં આવે.

184. પાઠ આયોજન દરમ્યાન વિષયવસ્તુની પસંદગી કરતી વખતે નીચે પૈકી કઈ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે?

(A) વિદ્યાર્થીઓના પુર્વજ્ઞાનને ધ્યાનમાં રાખવું

(B) નિયત સમયમર્યાદામાં પાઠ પૂર્ણ થાય

(C) પાઠ આયોજનના હેતુઓ સિદ્ધ થાય

(D) ઉપરના તમામ

185. શિક્ષક દ્વારા એક તાસમાં શિક્ષણની મહત્તમ કેટલી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ?

(A) માત્ર 1

(B) 2

(C) 3

(D) શિક્ષકને યોગ્ય જણાય તેટલી

186. નીચે પૈકી શેનો સમાવેશ વર્ગખંડ દરમ્યાનની અધ્યયન પ્રવૃતિમાં કરી શકાય નહિ?

(A) આલેખનું અર્થઘટન કરવું

(B) ગૃહકાર્ય કરવું

(C) કા.પા. નોંધ ઉતારવી

(D) અવલોકન કરવું

187. નીચેના વિધાનોને શૈક્ષણિક સાધનો અને સંદર્ભગ્રંથોના શિક્ષણકાર્યમાં ઉપયોગ સંબંધે મૂલવો.

1. તેનાથી શિક્ષક પોતાના કથયીત્વને સચોટ રીતે રજુ કરી શકે છે.

2. તેનાથી વિદ્યાર્થીઓને સઘન શૈક્ષણિક અનુભવ મળે છે.

(A) માત્ર વિધાન 1 સાચું છે.

(B) માત્ર વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચાં છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટાં છે.

188. નીચેના પૈકી શું કા.પા. કાર્ય માટે યોગ્ય નથી.

(A) કા.પા. નો ત્રીજો ભાગ રેખાચિત્ર અને આકસ્મિક જરૂરિયાત માટે અલગ રાખવો.

(B) કા.પા. પરનું તમામ લખાણ રંગીન ચોકથી કરવું.

(C) કા.પા. પર વિષય અને વિષયાંગની નોંધ કરવી.

(D) સફેદ ચોક અને રંગીન ચોકનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો.

189. વિષયાભિમુખ કૌશલ્ય થોર્નડાઈક ના કયા નિયમને આધારિત છે?

(A) તત્પરતાનો નિયમ

(B) અભીસંધાનનો નિયમ

(C) અભીયોગ્યાતાનો નિયમ

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

190. નીચેના પૈકી શેનો સમાવેશ પાઠ આયોજન અંતર્ગત થતો નથી?

(A) મૂલ્યાંકન

(B) સહાયક સામગ્રી

(C) શિક્ષકની પ્રવૃત્તિ

(D) પરીક્ષણ

191. એકમ આયોજનને વર્તમાન સ્વરૂપ આપવાનો યશ કોના ફાળે જાય છે?

(A) ડૉ. હેનરી મારીસન

(B) હર્બટ

(C) એમ. પી. મોફત

(D) જ્હોન ડ્યુઈ

192. શિક્ષક પ્રથમ માહિતી રજુ કરે અને તરત જ માહિતી પર આધારિત પ્રશ્નો પૂછે તે કયા પ્રકારના પ્રશ્નો કહેવાય?

(A) સુચક પ્રશ્નો

(B) દ્રઢીકરણ પ્રશ્નો

(C) સ્મૃતિ પ્રશ્નો

(D) પડઘા પ્રશ્નો

193. નીચે પૈકી કયા વિધાનો એકમ આયોજન સાથે સુસંગત છે?

1. મુખ્ય એકમના વિષયવસ્તુનું તાસ પ્રમાણે પેટા એકમોમાં વિભાજન કરવામાં આવે છે.

2. દરેક તાસને અંતે સ્વાધ્યાય આપવાને બદલે સમગ્ર એકમ પૂર્ણ થયા બાદ સ્વાધ્યાય આપવામાં આવે છે.

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) વિધાન 1 અને 2 બંને સાચાં છે
(D) વિધાન 1 અને 2 બંને ખોટાં છે

194. પ્રશ્નપત્ર બનાવવા માટેની બ્લુપ્રિન્ટ કેટલી સારણી (કોઠા) ને અંતે તૈયાર થાય છે?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

195. અનાત્મલક્ષી પ્રશ્નો, લઘુજવાબી પ્રશ્નો અને વિસ્તૃત જવાબી પ્રશ્નોનો સમાવેશ બ્લુ પ્રિન્ટની કઈ સારણીમાં કરવામાં આવે છે?

(A) પ્રશ્ન પ્રકાર પ્રમાણે ભારાંક
(B) હેતુ પ્રમાણે ભારાંક
(C) વિષયવસ્તુ પ્રમાણે ભારાંક
(D) ત્રિપરિમાણદર્શક પ્રમાણે ભારાંક

196. "એક ચિત્ર ઘણા બધા પુસ્તકો કરતાંયે વધુ વિચારો રજુ કરે છે." ઉપરોક્ત વિધાન કયા કેળવણીકારનું છે?

(A) જ્યોર્જ નેલર
(B) રૂસો
(C) ગાંધીજી
(D) ઓ. એસ. ફાઉલર

197. નીચેના પૈકી શેનો સમાવેશ અર્થશાસ્ત્ર શિક્ષણમા દશ્ય-શ્રાવ્ય સંદર્ભ સાધનો પૈકી કરી શકાય નહિ?

(A) બજેટ રજુ કરતી વખતે નાણામંત્રીએ આપેલ ભાષણનો ઓડિયો
(B) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરીનો ચાર્ટ
(C) પાઠ્યપુસ્તકમાં આપેલ કોષ્ટકો
(D) સ્વાઈનફ્લુથી થતા મૃત્યુનું વિવિધ રાજ્યોમાં પ્રમાણનો સ્લાઈડ શો

198. નીચે પૈકી અર્થશાસ્ત્ર શિક્ષણમાં ઉપયોગી સામાયિક કયું છે?

(A) યોજના (પાક્ષિક)
(B) ગુજરાત (પાક્ષિક)
(C) (A) અને (B) બંને
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

199. નીચે પૈકી શેનો અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણ અંતર્ગત અગત્યના દસ્તાવેજી પત્રકોમાં સમાવેશ થતો નથી?

(A) ખરડા
(B) પુરક બજેટ
(C) અહેવાલ
(D) અર્થસંકલન (માસિક)

200. અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપનમાં દશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગ સંદર્ભે આપનો મત નીચેના વિધાનો પરત્વે જણાવો.

1. તેનાથી વિદ્યાર્થીની અર્થઘટન શક્તિ અને શબ્દભંડોળ વધે છે.

2. ઓછા સમયમાં અસરકારક રીતે શિક્ષણ આપી શકાય છે.

3. વર્ગસંખ્યા વધુ હોય ત્યારે સારી રીતે શિક્ષણ આપી શકાય છે.

(A) માત્ર 1 અને 2 સાચાં છે
(B) માત્ર 2 અને 3 સાચાં છે
(C) માત્ર 3 સાચું છે
(D) 1, 2 અને 3 સાચાં છે

201. નીચેના પૈકી કયા દશ્ય-શ્રાવ્ય સાધનોમાં ચિત્ર, આકૃતિ, રેખાકૃતિ, કે પ્રતીકોનો અને જરૂર જણાયે શબ્દસમુહોનો સુયોગ્ય ઉપયોગ કરવામાં આવે છે?

(A) ચાર્ટ
(B) આલેખ
(C) કોષ્ટક
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

202. નીચે પૈકી શું ચાર્ટનો એક પ્રકાર છે?

(A) વૃક્ષ ચાર્ટ
(B) સમય ચાર્ટ
(C) વિકાસચાર્ટ
(D) ઉપરના તમામ

203. શિક્ષણને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા નીચે પૈકી કયા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ?

(A) માત્ર દૃશ્ય સાધનો
(B) માત્ર શ્રાવ્ય સાધનો
(C) દૃશ્ય અને શ્રાવ્ય બંને પ્રકારના સાધનો
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

204. માત્ર શૈક્ષણિક ઉદ્દેશથી તૈયાર કરવામાં આવતા ચલચિત્રને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) ડોકયુમેન્ટરી ચલચિત્ર
(B) કક્ષાભવન ચલચિત્ર
(C) સામાજિક ચલચિત્ર
(D) પ્રેરણાત્મક ચલચિત્ર

205. 35 મી.મી. ફિલ્મ સ્ટ્રીપનો વર્ગખંડમાં ઉપયોગ કરવા માટે શિક્ષક દ્વારા નીચે પૈકી કયું સાધન ઉપયોગમાં લેવામાં આવશે?

1. ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટર 2. એપીડાયોસ્કોપ 3. ઓવર હેડ પ્રોજેક્ટર

(A) 1 અને 2 બંને
(B) 2 અને 3 બંને
(C) 1 અને 3 બંને
(D) 1, 2, 3 ત્રણે

206. નીચે પૈકી શિક્ષણનું કયું સાધન વધુ અસરકારક શૈક્ષણિક અનુભવ વિદ્યાર્થીને આપે છે?

(A) ચાર્ટ
(B) નકશા
(C) સંદર્ભ પુસ્તકો
(D) નમૂનાઓ

207. નીચે પૈકી કયું શૈક્ષણિક સાધન અર્થશાસ્ત્રના શિક્ષણમાં એક નમુના તરીકે વાપરી શકાય?

(A) કારખાનામા ચાલતી રસાયણિક પ્રક્રિયાનાં સમીકરણો
(B) કારખાનામાં કામ કરતા કર્મચારીના નામ
(C) કારખાનામાં રહેલ મશીનરીના નામ
(D) કારખાના દ્વારા આપવામાં આવતા શેર સર્ટીફીકેટ

208. નીચે પૈકી કઈ અર્થશાસ્ત્ર શિક્ષણમાં કરી શકાતી એક વિશિષ્ટ પ્રવૃત્તિ નથી?

(A) સ્થાનિક સર્વેક્ષણ
(B) ક્ષેત્રકાર્ય
(C) નમૂનાનું નિદર્શન
(D) અર્થશાસ્ત્રખંડની રચના

209. નીચે પૈકી શેનો સમાવેશ અર્થશાસ્ત્રના શિક્ષણમાં સ્થાનિક સર્વેક્ષણ અંતર્ગત કરી શકાય છે?

1. પ્રવાસ પર્યટન 2. બેંકની મુલાકાત લેવી 3. સીટી બસમાં મુસાફરી કરવી

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) માત્ર 3
(D) 1, 2, 3 ત્રણે

210. શાળામાં ચાલતા અર્થશાસ્ત્ર મંડળના સંચાલક તરીકે કોણ હોય છે?

(A) અર્થશાસ્ત્રનો સક્રિય વિદ્યાર્થી
(B) અર્થશાસ્ત્રના શિક્ષક
(C) શાળાના આચાર્ય
(D) શાળાના ટ્રસ્ટી

211. અર્થશાસ્ત્ર વર્ગખંડનું ક્ષેત્રફળ સામાન્ય રીતે કેટલું હોવું જોઈએ?

(A) 400 થી 600 ચો. ફૂટ
(B) 800 થી 1000 ચો. ફૂટ
(C) 1000 થી 1200 ચો. ફૂટ
(D) 1500 થી 2000 ચો. ફૂટ

212. શાળામાં ચાલતા અર્થશાસ્ત્ર મંડળને ચલાવવા પાયાની સુવિધાઓ પૂરી પડવાની નૈતિક જવાબદારી કોની છે?

(A) શાળાના ટ્રસ્ટીની
(B) શાળાના આચાર્યની
(C) અર્થશાસ્ત્રના શિક્ષકની
(D) સમાજના આગેવાનોની

213. અર્થશાસ્ત્ર મંડળ અંતર્ગત વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર વિષયના ચાર્ટ અને આલેખ બનાવે તથા રીપેર કરે તેનો મંડળની કેવી પ્રવૃતિમાં સમાવેશ થાય?

(A) રચનાત્મક પ્રવૃત્તિ
(B) લેખન પ્રવૃત્તિ
(C) દૃશ્યશ્રાવ્ય પ્રવૃત્તિ
(D) બુલેટીન બોર્ડની પ્રવૃત્તિ

214. નીચે પૈકી કઈ પ્રવૃત્તિનો સમાવેશ અર્થશાસ્ત્ર મંડળની લેખન અને આલેખન પ્રવૃત્તિ અંતર્ગત કરી શકાય છે?

(A) ભારતની ખેતી અંગે સ્લાઈડ બનાવવી
(B) પુસ્તકોમાંથી માહિતી એકત્રિત કરી સંગ્રહ કરે
(C) અર્થશાસ્ત્ર શિક્ષણનો અંક તૈયાર કરે
(D) અર્થશાસ્ત્ર મંડળની માહિતી બુલેટીન બોર્ડ પર મુકે

215. અર્થશાસ્ત્ર ખંડમાં આવેલા બુલેટીન બોર્ડ પર નીચે પૈકી કઈ માહિતી મૂકી શકાય છે?

(A) દૈનિક સમાચારપત્રમાં આવેલી અર્થશાસ્ત્રને લગતી માહિતી
(B) સંદર્ભ પુસ્તકોની જાહેરાત
(C) પ્રશ્નપેટીમા પુછાયેલા શ્રેષ્ઠ પ્રશ્નોના ઉત્તરો
(D) ઉપરના તમામ

216. નીચે પૈકી કયું પાઠ્યપુસ્તકના બાહ્ય મૂલ્યાંકનનું એક લક્ષણ છે?

(A) પ્રકાશકનું નામ
(B) એકમનું વિભાજન
(C) પુસ્તકનું ઉપયોગીતા મૂલ્ય
(D) અનુક્રમણિકા

217. નીચે પૈકી કયું પાઠ્યપુસ્તકના આંતરિક મૂલ્યાંકનનું એક લક્ષણ છે?

(A) પ્રકાશનની તારીખ
(B) કાગળની ગુણવતા
(C) અનુંબંધનું તત્ત્વ
(D) પૃષ્ઠ સંખ્યા

218. અર્થશાસ્ત્રના શિક્ષકમાં નીચે પૈકી કયા ગુણો હોવા અનિવાર્ય છે?

(A) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા હોય
(B) વ્યવહારુ રીતે શિક્ષણ આપી શકવો જોઈએ
(C) (A) અને (B) બંને
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

219. અર્થશાસ્ત્રના શિક્ષકને નીચે પૈકી કયા પ્રકારની તાલીમ આપવી જોઈએ?

(A) મૂલ્યાંકન કરવા અંગેની
(B) શૈક્ષણિક મનોવિજ્ઞાન અંગેની
(C) (A) અને (B) બંને પ્રકારની
(D) (A) અને (B) પૈકી કોઈ પ્રકારની નહીં

220. ઉચ્ચતર માધ્યમિક શાળામાં અર્થશાસ્ત્રના શિક્ષક બનવા માટેની લઘુતમ લાયકાત નીચેના પૈકી કઈ છે?

(A) B. A., B. Ed.
(B) M. A., B. Ed.
(C) B. A., M. Ed.
(D) M. A., M. Ed.

221. શિક્ષકે સામાન્ય રીતે વર્ગખંડમાં કઈ કક્ષાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ?

(A) નબળા વિદ્યાર્થી
(B) મધ્યમ વિદ્યાર્થી
(C) હોંશિયાર વિદ્યાર્થી
(D) એવું કોઈ ધ્યાન રાખવું જરૂરી નથી

222. નીચે પૈકી કયો વિકલ્પ માપન અને મૂલ્યાંકનના સંદર્ભે સત્ય છે?

(A) માપનનું પરિણામ ઓછુ ચોક્કસ હોય છે જયારે મૂલ્યાંકન પ્રમાણમાં વધુ ચોક્કસ હોય છે.
(B) માપન એ સતત ચાલતી પ્રક્રિયા છે જયારે મૂલ્યાંકન અમુક સમય માટે થતી પ્રક્રિયા છે.
(C) શૈક્ષણિક માપન નિદાનાત્મક અને ઉપચારાત્મક ન પણ હોઈ શકે જયારે શૈક્ષણિક મૂલ્યાંકન બહુધા નિદાનાત્મક અને ઉપચારાત્મક હોય છે.
(D) માપન એ લેખિત, મૌખિક કે અન્ય પ્રકારની કસોટી પર આધારિત હોય છે જયારે મૂલ્યાંકન માત્ર લેખિત કસોટી પર આધારિત હોય છે.

223. અર્થશાસ્ત્ર શિક્ષણમાં મૂલ્યાંકન પ્રક્રિયાનું સોપાન નીચે પૈકી કયું છે?

(A) અર્થશાસ્ત્ર શિક્ષણના ઉદ્દેશોનું નિર્ધારણ કરવું
(B) અર્થશાસ્ત્ર શિક્ષણના ઉદ્દેશોને અનુકુળ અધ્યયન-અધ્યાપન ક્રિયાઓનું નિર્ધારણ કરવું
(C) અર્થશાસ્ત્ર શિક્ષણના આધારે વિદ્યાર્થીઓમાં થતા વર્તન-પરિવર્તનનું મૂલ્યાંકન કરવું
(D) ઉપરના તમામ

224. અનુબંધના કેટલા પેટા પ્રકારો છે?

(A) 5

(B) 7

(C) 8

(D) 9

225. 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં લોકોનું સરેરાશ અપેક્ષિત આયુષ્ય કેટલું હતું ?

(A) 63.5 વર્ષ

(B) 65.3 વર્ષ

(C) 69.5 વર્ષ

(D) 65.9 વર્ષ

226. શિક્ષક સારો આયોજક, સંચાલક અને ......... હોવો જોઈએ.

(A) કલાકાર

(B) અદાકાર

(C) ચિત્રકાર

(D) મૂલ્યાંકનકાર

227. શૈક્ષણિક મોડેલની મર્યાદા નીચે પૈકી કઈ છે?

(A) મૂળ વસ્તુના કદ વિષે ખોટો ખ્યાલ બંધાવાની શકયતા રહે છે

(B) તે ખુબ મોંઘા હોય છે

(C) તેને શિક્ષક જાતે બનાવી શકે નહિ

(D) તેમાં ઘણી બિનજરૂરી માહિતી હોય છે

228. સ્લાઈડનો શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કરતી વખતે કઈ મર્યાદા નડે છે?

(A) ચિત્ર સુરેખ ન હોય

(B) લખાણ ન હોય

(C) અવાજ ન હોય

(D) રંગીન ન હોય

229. અભીક્રમિક અધ્યયનના સિદ્ધાંતો કયા સિદ્ધાંતોમાંથી નીપજ્યાં છે?

(A) પાવલોવના શાસ્ત્રીય અભીસંધાનના સિદ્ધાંતો

(B) થોર્નડાઈકના પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયનના સિદ્ધાંતો

(C) બી. એફ. સ્કીનરના કારક અભીસંધાનના સિદ્ધાંતો

(D) કોહલરના અંતઃસ્ફુરણા દ્વારા અધ્યયનના સિદ્ધાંતો

230. રૈખિક અભિક્રમ અને પ્રશાખા અભિક્રમ વચ્ચે નીચે પૈકી શું ભેદ હોય છે?

(A) રૈખિક અભિક્રમમાં ફરમા લાંબા હોય છે જયારે પ્રશાખા અભિક્રમમાં ફરમા ટૂંકા હોય છે

(B) રૈખિક અભિક્રમમાં ફરમા ટૂંકા હોય છે જયારે પ્રશાખા અભિક્રમમાં ફરમા લાંબા હોય છે

(C) રૈખિક અભીક્રમમાં બધા વિદ્યાર્થી એક જ માર્ગે જતા નથી જયારે પ્રશાખા અભિક્રમમાં બધા વિદ્યાર્થીઓ એક જ માર્ગે આગળ વધે છે

(D) કોઈ નિશ્ચિત ભેદ બંને વચ્ચે હોતો નથી

231. 'માઈક્રોટીચીંગ એ એક શિક્ષણ પદ્ધતિ છે.' ઉપરોક્ત વિધાનની સત્યતા અંગે આપનો અભિપ્રાય આપો.

(A) સાચું છે

(B) ખોટું છે

(C) ચોક્કસ કહી શકાય નહીં

(D) પરિસ્થિતિ પર આધાર રાખે છે

232. નીચે પૈકી સારા પ્રશ્નનું લક્ષણ કયું છે?

(A) ખુબ લાંબો પ્રશ્ન

(B) અસ્પષ્ટ પ્રશ્ન

(C) ટૂંકો, સચોટ અને સ્પષ્ટ પ્રશ્ન

(D) બેવડા નકારવાળો પ્રશ્ન

233. શિક્ષક દ્વારા વિદ્યાર્થીને સાચો ઉત્તર આપવા બદલ તેની પાસે જઈ તેનો ખભો થાબડવામાં આવે છે. અહીં શિક્ષક દ્વારા નીચે પૈકી કયા પ્રકારના સુદૃઢકનો ઉપયોગ થયો કહેવાય?

(A) શાબ્દિક હકારાત્મક

(B) અશાબ્દિક હકારાત્મક

(C) શાબ્દિક નકારાત્મક

(D) અશાબ્દિક નકારાત્મક

234. મૂલ્યાંકન ત્રિકોણમાં નીચે પૈકી શેનો સમાવેશ થતો નથી?

(A) અર્થઘટન (B) શિક્ષણના હેતુઓ

(C) શિક્ષણપ્રદ અનુભવો (D) મૂલ્યાંકન

235. મૂલ્યાંકન કેવું હોવું જોઈએ?

(A) વિદ્યાર્થી કેન્દ્રી (B) શિક્ષક કેન્દ્રી

(C) પાઠ્યપુસ્તક કેન્દ્રી (D) હેતુ કેન્દ્રી

236. વર્ગના જુથોને ઓળખવા માટે નીચે પૈકી કયા સાધનનો ઉપયોગ કરવો જોઈએ?

(A) સામાજિકતાનો આલેખ (B) અવલોકન

(C) પ્રશ્નાવલી (D) ક્રમમાપદંડ

237. નિદાનાત્મક કસોટીની અગત્યતા નીચે પૈકી કઈ છે?

(A) વિદ્યાર્થીની સિદ્ધિનું માપ કાઢી શકાય છે (B) વિદ્યાર્થીની મૌલિક અભિવ્યક્તિ જાણી શકાય છે

(C) વિદ્યાર્થીની ચિંતનશક્તિ જાણી શકાય છે (D) વિદ્યાર્થીની કચાશ જાણી શકાય છે

238. બ્લુપ્રિન્ટ બનાવી પ્રશ્નપત્ર રચવાથી નીચે પૈકી કયો કયો ફાયદો ના મળે?

(A) શિક્ષણના વિવિધ હેતુઓને યોગ્ય ગુણભાર આપી શકાય

(B) વિષયવસ્તુના એકમોને યોગ્ય ગુણભાર આપી શકાય

(C) વિવિધ પ્રશ્નપ્રકારને યોગ્ય સ્થાન આપી શકાય

(D) કસોટી વિશ્વસનીય અને યથાર્થ બને

239. પ્રશ્નનું તારવણી મૂલ્ય એટલે શું?

(A) હોંશિયાર અને નબળા વિદ્યાર્થીઓને જુદા તારવે (B) અઘરા અને સહેલા પ્રશ્નોને જુદા તારવે

(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

240. નીચે પૈકી કઈ સિમ્યુલેશનની એક મર્યાદા છે?

(A) તાલીમાર્થી માટે એક સલામત અનુભવ છે

(B) તાલીમાર્થીને પોતાના વિષય માટેની વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરવાનો અનુભવ મળે છે

(C) તાલીમાર્થીને પાઠ આયોજન કરવાનો અનુભવ મળે છે

(D) તાલીમાર્થીને મળતા અનુભવો કુત્રિમ હોય છે

241. નીચેનામાંથી શું ઓપન બુક એક્ઝામિનેશનને અનુરૂપ નથી?

(A) આપણી શિક્ષણ પદ્ધતિઓ (B) શાળાની ભૌતિક સુવિધાઓ

(C) આપણા પાઠ્યપુસ્તકોની ગુણવત્તા (D) આપણું સંસ્થાકીય ભાવાવરણ

242. કઈ કસોટીને સમયનું બંધન હોતું નથી?

(A) લેખિત (B) મૌખિક

(C) નિદાન (D) ક્રિયાત્મક

243. નીચે પૈકી કયા ક્ષેત્રોનો સમાવેશ બેન્જામીન બ્લુંમે આપેલા મૂલ્યાંકનનાં ત્રણ ક્ષેત્રોમાં થાય છે?

(A) ભાવાત્મક (B) અધી-ભૌતિક

(C) આધ્યાત્મિક (D) ભૌતિક

244. એક શિક્ષક વર્ગમાં જુદા-જુદા દેશની ચલણી નોટ બતાવે છે અને ત્યાર પછી વિવિધ દેશના ચલણ અંગે સમજુતી આપે છે. આ શિક્ષક શિક્ષણનાં કયા સૂત્રને અનુસરે છે?

(A) સામાન્યથી વિશિષ્ટ પર જવું (B) વિશિષ્ટથી સામાન્ય પર જવું

(C) મૂર્તથી અમૂર્ત તરફ જવું (D) આગમનથી નીગમન પર જવું

245. અનુભવ શંકુના પાયામાં સૌથી નીચે શેને મુકવામાં આવે છે?

(A) પ્રત્યક્ષ હેતુલક્ષી અનુભવો
(B) દાર્શનિક અનુભવો
(C) પ્રદર્શનો
(D) શબ્દ પ્રતિક

246. અપારદર્શક વસ્તુ પડદા ઉપર દર્શાવવા કયું પ્રોજેક્ટર ઉપયોગી છે?

(A) ઓવરહેડ પ્રોજેક્ટર
(B) ઓપેક પ્રોજેક્ટર
(C) સ્લાઈડ પ્રોજેક્ટર
(D) ફિલ્મ સ્ટ્રીપ પ્રોજેક્ટર

247. સમતોલ અંદાજપત્રની તરફેણ કોણે કરી હતી?

(A) એડમ સ્મિથ
(B) માર્શલ
(C) કેઈન્સ
(D) હિક્સ

248. ગ્રામ પંચાયતની આવકનું મહત્વનું સાધન કયું છે?

(A) મનોરંજન વેરો
(B) ઓકટ્રોય
(C) જમીન-મિલકત વેરો
(D) ગ્રાન્ટ

249. નીચેનામાંથી કઈ આવકનો મહેસુલી આવકમાં સમાવેશ થતો નથી?

(A) પ્રત્યક્ષ કરવેરા
(B) પરોક્ષ કરવેરા
(C) વીમૂડીકરણ
(D) ફી અને દંડ

250. ભારતીય બંધારણમાં કેટલા સ્તરની સરકારનો ઉલ્લેખ છે?

(A) એકસ્તરીય
(B) દ્વિસ્તરીય
(C) ત્રિસ્તરીય
(D) શૂન્ય સ્તરીય

251. 'એકાત્મ માનવવાદ'ના પુરસ્કર્તા કોણ છે?

(A) ગાંધીજી
(B) વિષ્ણુગુપ્ત
(C) પંડિત દીનદયાળ
(D) માર્શલ

252. કૌટિલ્યના આર્થિક વિચારો મુજબ રાજ્ય કે રાજધાનીમાં ઉત્પાદિત વસ્તુ પર લેવામાં આવતા કરને શું કહે છે?

(A) બાહ્ય શુલ્ક
(B) અભ્યન્તર શુલ્ક
(C) આતિથ્ય શુલ્ક
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

253. શ્રીમદ્ ભગવદ્ ગીતાના કયા સિદ્ધાંતથી પ્રેરાઈને ગાંધીજીએ ટ્રસ્ટીશીપ (વાલીપણા)નો સિદ્ધાંત આપ્યો?

(A) સત્ય
(B) અહિંસા
(C) અપરિગ્રહ
(D) અસ્તેય

254. શુદ્ધતા સાથે સંપૂર્ણ 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' ગ્રંથનું પ્રકાશન કઈ સાલમાં થયું?

(A) 1809
(B) 1885
(C) 1909
(D) 1919

255. શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિના સંદર્ભમાં પંડિત દીનદયાળે કયો સિદ્ધાંત અપનાવવાનું કહ્યું છે?

(A) દરેક વ્યક્તિને કામ
(B) દરેક વ્યક્તિને અનાજ
(C) દરેક વ્યક્તિને આરામ
(D) દરેક વ્યક્તિને મકાન

256. શાના દ્વારા આંકડાકીય માહિતીને સચોટ માપ પ્રમાણે દોરી શકાય છે?

(A) SPSS
(B) એક્સેલ શીટ
(C) પાવર પોઈન્ટ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

257. નીચેનામાંથી શાના માટે આંકડાશાસ્ત્રનું જ્ઞાન જરૂરી બને છે?

(A) આલેખ દોરવા માટે
(B) આકૃતિ દોરવા માટે
(C) ચિત્રો દોરવા માટે
(D) આકૃતિ અને આલેખ બંને માટે

258. આર્થિક પ્રવૃતિમાં લાંબા ગાળાના નિયમિત કે અનિયમિત પરીવર્તનોનાં અભ્યાસ માટે નીચેનામાંથી શું ઉપયોગી છે?

(A) લોગ આધારિત આલેખ
(B) સતત આવૃત્તિ વિતરણના આલેખ
(C) સામાયિક શ્રેણીના આલેખ
(D) (A) અને (B) બંને

259. આકૃતિના કેટલા પ્રકાર છે?

(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) છ

260. 'વિકાસ એ બહુપરીમાણીય પ્રક્રિયા છે.' આ વિધાન કોણે રજુ કરેલ છે?

(A) ટોડેરો
(B) કિન્ડલ બર્જર
(C) માર્શલ
(D) મેચલપ

261. જીવનની ભૌતિક ગુણવતાના આંકનું મહત્તમ મૂલ્ય કેટલું હોય છે?

(A) 100 થી ઓછુ
(B) 100
(C) 100 થી વધુ
(D) કોઈપણ હોઈ શકે

262. આર્થિક વૃદ્ધિનો પ્રશ્ન મુખ્યત્વે કેવા રાષ્ટ્રોના પ્રશ્નો સાથે સંકળાયેલો છે?

(A) વિકસિત
(B) વિકાસશીલ
(C) અલ્પ વિકસિત
(D) ત્રીજા વિશ્વના દેશો

263. જીવનની ભૌતિક ગુણવતાના આંકમાં તેના ત્રણેય ઘટકોને કેટલું મહત્ત્વ આપવામાં આવે છે?

(A) જુદું-જુદું
(B) સમાન
(C) 51 થી 100 વચ્ચેનું
(D) (B) અને (C) બંને પૈકી કોઈ એક

264. HDI નું મહત્તમ મૂલ્ય કેટલું છે?

(A) 0
(B) 1
(C) 2
(D) 3

265. 'વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વસ્વીકૃત છે તે નાણું છે.' નાણાની આ વ્યાખ્યા કોણે આપેલી છે?

(A) માર્શલ
(B) કેઈન્સ
(C) પીગું
(D) રોબર્ટસન

266. નીચેના પૈકી કયા વિનિમય મૂલ્યનો સૌથી સારી રીતે સંગ્રહ થઇ શકે છે?

(A) અનાજ
(B) પશુ
(C) સિક્કા
(D) પથ્થર

267. નાણાનું જૂનામાં જુનું સ્વરુપ કયું છે?

(A) સાંકેતિક નાણું
(B) બેન્કિંગ નાણું
(C) વસ્તુ નાણું
(D) ધાતુ નાણું

268. અર્થતંત્રમાં માળખાની સ્થિતીચુસ્તતાને કારણે ફુગાવો સર્જાય તો તે કેવા પ્રકારનો ફુગાવો કહેવાય?

(A) કિંમતપ્રેરક
(B) પુરવઠાપ્રેરક
(C) માળખાગત
(D) આવકપ્રેરિત

269. જો ફુગાવો ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે થયો હોય તો તેને કેવો ફુગાવો કહેવાય?

(A) કિંમતપ્રેરક (B) ખર્ચપ્રેરિત

(C) માળખાગત (D) ઉત્પાદનપ્રેરિત

270. ટૂંકા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે?

(A) 1 વર્ષ સુધીનું (B) 1 થી 3 વર્ષ સુધીનું

(C) 1 થી 5 વર્ષ સુધીનું (D) 5 થી 10 વર્ષ સુધીનું

271. RBI અન્ય બેન્કો પાસેથી અત્યંત ટૂંકા ગાળાનું ધિરાણ લે તે દરને શું કહે છે?

(A) રેપો રેટ (B) રીવર્સ રેપોરેટ

(C) બેંક રેટ (D) ખુલ્લા બજારનો રેટ

272. બેન્ક એટલે ..........

(A) ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થા (B) નાણાના મૂલ્યની જાળવણી કરતી સંસ્થા

(C) (A) અને (B) બંને (D) ઉપરના પૈકી કોઈ નહિ

273. મધ્યસ્થ બેન્ક અર્થતંત્રમાં શેની જવાબદારી સ્વીકારે છે?

(A) આર્થિક વિકાસની (B) આર્થિક સ્થિરતાની

(C) આર્થિક હિતોની (D) આર્થિક સલાહની

274. RBI નીચે પૈકી કયું ચલણ બહાર પાડે છે?

(A) 1 રૂપિયાની નોટ (B) 1 રૂપિયાનો સિક્કા

(C) 10 રૂપિયાની નોટ (D) 10 રૂપિયાનો સિક્કો

275. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ કુલ થાપણોના કેટલા ટકા કાયદાકીય રીતે પ્રવાહિત રાખવા જરૂરી છે?

(A) 25% (B) 20%

(C) 15% (D) 10%

276. તેંદુલકર સમિતિની ભલામણ મુજબ વર્ષ 2011-12 માટે ગ્રામીણ ક્ષેત્રોની ગરીબી રેખા નક્કી કરવા કેટલા રૂપિયા નક્કી કરવામાં આવેલ છે?

(A) 800 (B) 816

(C) 916 (C) 1000

277. આર્થિક સર્વે 2015-16 મુજબ 2011-12 માં કયા રાજ્યમાં ગરીબી હેઠળ વસ્તીની ટકાવારી 10 ટકાથી ઓછી છે?

(A) આંધ્રપ્રદેશ (B) કર્ણાટક

(C) તમિલનાડુ (D) ગુજરાત

278. 2015ના FAO નાં અહેવાલ મુજબ ભારતમાં કુપોષિત વસ્તીનું પ્રમાણ વિશ્વમાં કયા નંબરે હતું?

(A) પહેલા (B) બીજા

(C) ત્રીજા (D) ચોથા

279. 2011 ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કેટલા ટકા કુટુંબોને નળ દ્વારા શુદ્ધ પાણી મળે છે?

(A) 66.3% (B) 68.3%

(C) 63.8% (D) 63.3%

280. પ્રવર્તમાન વેતનદરે કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં કામ ન મળે તેવી વ્યક્તિને શું કહે છે?

(A) બેરોજગાર (B) ગરીબ

(C) ફાજલ (D) કામ કરવાને અયોગ્ય વ્યક્તિ

281. બેરોજગારીના પ્રકારો નક્કી કરવા માટેના ચાર માપદંડો કોણે રજુ કર્યા છે?

(A) મહાલનોબીસ
(B) રાજકૃષ્ણ
(C) કેઈન્સ
(D) રોડાન

282. અસરકારક માંગના અભાવે કયા પ્રકારની બેરોજગારી સર્જાય છે?

(A) ઘર્ષણજન્ય
(B) મોસમી
(C) ચક્રીય
(D) પ્રચ્છન્ન

283. નીચે પૈકી કયા ક્ષેત્રમાં પ્રચ્છન્ન બેરોજગારી વિશેષ જોવા મળે છે?

(A) ખેતી
(B) ઉદ્યોગ
(C) શિક્ષણ
(D) સેવા

284. મનરેગા કાર્યક્રમને સફળ બનાવવા સરકારે કયા દિવસને રોજગાર દિવસ તરીકે જાહેર કર્યો છે?

(A) 2 જાન્યુઆરી
(B) 2 ફેબ્રુઆરી
(C) 2 માર્ચ
(D) 22 માર્ચ

285. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનામાં કઈ ઉંમરના યુવાનોને રોજગારી આપવામાં આવે છે?

(A) માત્ર 18 થી 25
(B) માત્ર 18 થી 28
(C) માત્ર 18 થી 30
(D) માત્ર 18 થી 35

286. ભારતમાં સૌપ્રથમ વસ્તીગણતરી કોના દ્વારા કરવામાં આવી?

(A) જમશેદજી તાતા
(B) સ્વામીનાથન
(C) દીનદયાળ ઉપાધ્યાય
(D) દાદાભાઈ નવરોજી

287. 2011 ની વસ્તીગણતરી અનુસાર ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું?

(A) 930
(B) 950
(C) 940
(D) 970

288. નીચેના પૈકી શું ઊંચા જન્મદર માટેનું કારણ નથી?

(A) લગ્નપ્રથા
(B) આવકની નીચી સપાટી
(C) બાળ-મૃત્યુદર
(D) ઊંચું જીવનધોરણ

289. વસ્તીવધારાની દૃષ્ટિએ ભારતમાં કયા વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે?

(A) 1921
(B) 1931
(C) 1941
(D) 1951

290. નીચે પૈકી કયા રાજ્યમાં 2011 ની વસ્તીગણતરી મુજબ સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમતુલા વધુ જોવા મળે છે?

(A) મહારાષ્ટ્ર
(B) ઝારખંડ
(C) પંજાબ
(D) મધ્ય પ્રદેશ

291. વર્ષ 2014-15 ના અંદાજો પ્રમાણે ખેતીક્ષેત્રમાં રોજગારી મેળવતા લોકોનું પ્રમાણ કેટલું હતું?

(A) 72%
(B) 49%
(C) 26%
(D) 24%

292. નીચે પૈકી ભારતમાં કૃષિ-સંશોધન કરતી સંસ્થા કઈ છે?

(A) નાબાર્ડ (NABARD)
(B) આર.બી.આઈ.(RBI)
(C) સી.આઈ.બી.આર.સી.(CIBRC)
(D) આઈ.સી.એ.આર.( ICAR)

293. વેપારતુલા એટલે શું?

(A) દૃશ્ય વેપારની તુલા
(B) અદૃશ્ય વેપારની તુલા
(C) ચાલુ ખાતાની તુલા
(D) મૂડી ખાતાની તુલા

294. નીચે પૈકી વિકાસલક્ષી આયોતો કઈ છે?

(A) વીજળી
(B) કૌશલ્ય
(C) આંતરમાળખાકીય સુવિધાઓ
(D) યંત્રો

295. મોટા પાયાના ઉદ્યોગો માટે કેટલું મૂડીરોકાણ જરૂરી છે?

(A) 1 કરોડ
(B) 5 કરોડ
(C) 10 કરોડ
(D) 10 કરોડ થી વધુ

296. ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ ક્યારે થયો?

(A) 1951
(B) 1991
(C) 2000
(D) 2005

297. નીચે પૈકી કયા ઉદ્યોગોના સંચાલન અને નિર્ણય પ્રક્રિયામાં સરકારનું પ્રભુત્વ હોય છે?

(A) સંયુક્ત મૂડી કંપનીઓ
(B) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો
(C) ખાતાકીય ઉદ્યોગો
(D) જાહેર નિગમો

298. શહેરીકરણની સમસ્યા હળવી કરવા માટે નીચે પૈકી કયું પગલું નિતીવિષયક છે?

(A) 10 લાખથી વધુ વસ્તીવાળા શહેરમાં નવા ઉદ્યોગોની સ્થાપના
(B) નાના નગરોનો વિકાસ
(C) પ્રાદેશિક અસમાનતામાં વૃદ્ધિ
(D) મધ્યમ કદના શહેરોની આસપાસ સેટેલાઈટ ટાઉનનો વિકાસ

299. યુ.એ.ઈ. ના દેશોમાં થતા સ્થળાંતરણનું કારણ કયું છે?

(A) સામાજિક
(B) રાજકીય
(C) આર્થિક
(D) પર્યાવરણીય

300. ભારતમાં ન્યુક્લીયર પાવરથી કેટલા ટકા વીજળી મેળવવામાં આવે છે?

(A) 1.2%
(B) 1.6%
(C) 2%
(D) 2.2%